રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 15 | Issue : 434 | Dt. 20-09-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

સબસિડીવાળા LPG સિલિન્ડરનું આધાર ઓથેન્ટિકેશન ફરજિયાત

૮૯.૯ ટકા ગ્રાહકોએ પ્રક્રિયા પૂર્ણ કરી, ઘરે બેઠા ઓઇલ કંપનીઓની એપ મારફતે પણ થઈ શકશે ઓથેન્ટિકેશન

ડુપ્લિકેટ કનેક્શનો રદ કરવા અને સબસિડી સાચા લાભાર્થીઓ સુધી પહોંચાડવા સરકારનો નિર્ણય

નવી દિલ્હી, તા.૧૯

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા શનિવારે કરવામાં આવેલી જાહેરાત મુજબ, આગામી ૧ ઓક્ટોબર, ૨૦૨૬થી ઘરેલું LPG ગ્રાહકો માટે સબસિડીવાળા (નિયંત્રિત રિટેલ ભાવે) સિલિન્ડર બુક કરાવવા માટે બાયોમેટ્રિક આધાર ઓથેન્ટિકેશન (BAA) ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. મંત્રાલયે માહિતી આપતા જણાવ્યું હતું કે, દેશના કુલ ૨૭.૪૩ કરોડ સક્રિય ઘરેલું કક્ષ્ર ગ્રાહકોમાંથી ૮૯.૯ ટકા ગ્રાહકોએ આ પ્રક્રિયા પહેલેથી જ પૂર્ણ કરી લીધી છે. જે ગ્રાહકોએ આ ઓથેન્ટિકેશન પ્રક્રિયા પૂરી કરી લીધી છે તેમને કોઈ જ વધારાની કાર્યવાહી કરવાની જરૂર નથી અને તેમને રાબેતા મુજબ સબસિડીવાળા સિલિન્ડર મળતા રહેશે.

જોકે, જે ગ્રાહકોએ હજુ સુધી આધાર ઓથેન્ટિકેશન કરાવ્યું નથી, તેઓ આ પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી જ સબસિડીના દરે સિલિન્ડર બુક કરાવી શકશે. ગ્રાહકોની સુવિધા માટે આ પ્રક્રિયા સિલિન્ડરની ડિલિવરી સમયે, LPG ડિસ્ટ્રીબ્યુટરના શોરૂમ પર અથવા તો

ત્રણેય સરકારી ઓઇલ માર્કેટિંગ કંપનીઓની મોબાઈલ એપ્લિકેશન મારફતે પણ પૂર્ણ કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઈન્ડેન (Indane) ગેસના ગ્રાહકો .'IndianOil ONE' એપ, ભારતગેસના (Bharatgas) ગ્રાહકો 'HelloBPCL' એપ અને HP ગેસના ગ્રાહકો 'HP PAY' એપનો ઉપયોગ કરીને ઘરે બેઠા જ સરળતાથી આ ઓથેન્ટિકેશન પ્રક્રિયા પૂરી કરી શકે છે.

મંત્રાલયે વિશેષ સ્પષ્ટતા કરી છે કે, જે ગ્રાહકો આધાર ઓથેન્ટિકેશન પ્રક્રિયા પૂર્ણ કરવા માંગતા નથી અથવા કોઈપણ કારણસર અસમર્થ છે, તેઓ હજુ પણ LPG મેળવવાનું ચાલુ રાખી શકે છે. પરંતુ આવા ગ્રાહકોએ ઓઈલ કંપનીઓના ડિજિટલ માધ્યમો (જેમ કે કન્ઝ્યુમર પોર્ટલ, મોબાઈલ એપ, વોટ્સએપ ચેટબોટ કે IVRS) મારફતે પોતાની પસંદગી નોંધાવવી પડશે. ત્યારબાદ આવા ગ્રાહકોને સબસિડી વિના સીધા બજાર ભાવે ૫ કિલો કે ૧૦ કિલોના સિલિન્ડર (સ્થાનિક ઉપલબ્ધતાને આધીન) આપવામાં આવશે.

સરકારના આ મહત્વપૂર્ણ પગલાનો મુખ્ય હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે સબસિડીવાળા LPG સિલિન્ડરનો લાભ માત્ર સાચા અને લાયક પરિવારોને જ મળે. આ પ્રક્રિયાથી ઘરેલું સિલિન્ડરનો કોમર્શિયલ અને ઔદ્યોગિક વપરાશમાં થતો ગેરકાયદેસર ઉપયોગ અટકશે તેમજ ડુપ્લિકેટ કે ગેરલાયક કનેક્શનો રદ કરવામાં મદદ મળશે. નોંધનીય છે કે, સરકારે અગાઉ આ પ્રક્રિયા માટે ૩૦ જૂનની ડેડલાઈન આપી હતી, જે લંબાવીને અંતિમ તારીખ ૧૪ સપ્ટેમ્બર કરવામાં આવી હતી. સપ્ટેમ્બર મહિનામાં ૧૪.૨ કિલોના ઘરેલું સિલિન્ડર પર આશરે રૂ. ૨૧૦ ની સબસિડી આપવામાં આવી રહી છે. ઘરેલું ગેસને પરવડે તેવો રાખવા માટે સરકાર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ માટે ઓઇલ કંપનીઓને રૂ. ૩૦,૦૦૦ કરોડનું વળતર આપી રહી છે. ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં સરકારી ઓઇલ કંપનીઓની કુલ ખોટ રૂ. ૬૨,૦૦૦ કરોડને પાર કરી ગઈ હોવાથી, આ યોજનાને ટકાવી રાખવા માટે સબસિડી માત્ર યોગ્ય લોકો સુધી પહોંચે તે અત્યંત જરૂરી બની ગયું છે.

એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે પીએમ મોદીએ ભારતીય ખેલાડીઓને પાઠવી શુભકામના

દેશને તમારા પર ગર્વ

આઈચી-નાગોયા ખાતે એશિયન ગેમ્સનો શાનદાર પ્રારંભ: મનુ ભાકર અને પવન સેહરાવતે ઓપનિંગ સેરેમનીમાં તિરંગો લહેરાવી ભારતીય દળનું નેતૃત્વ કર્યું

નવી દિલ્હી, તા.૧૯

જાપાનના આઈચી-નાગોયા ખાતે ૨૦મા એશિયન ગેમ્સ ૨૦૨૬નો શાનદાર પ્રારંભ થઈ ચૂક્યો છે. આ મહાકુંભમાં ભાગ લેવા ગયેલા ભારતીય ખેલાડીઓનો ઉત્સાહ વધારવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને વિશેષ શુભકામનાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરતા પીએમ મોદીએ લખ્યું હતું કે, ''આઈચી-નાગોયામાં એશિયન ગેમ્સ શરૂ થઈ રહી છે, ત્યારે ભારતીય દળને મારી શ્રેષ્ઠ શુભકામનાઓ. દરેક એથ્લેટે સખત મહેનત કરી છે અને અદભુત સમર્પણ તેમજ દ્રઢ નિશ્ચય દર્શાવ્યો છે. દેશને તેમના પર ગર્વ છે. તેઓ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરે, શાનદાર રમે અને ચમકે તેવી કામના!''

આઈચી-નાગોયાના પાલોમા મિઝુહો સ્ટેડિયમ ખાતે શનિવારે યોજાયેલી ભવ્ય ઓપનિંગ સેરેમનીમાં ભારતના સ્ટાર કબડ્ડી ખેલાડી પવન સેહરાવત અને ડબલ ઓલિમ્પિક મેડાલિસ્ટ શૂટર મનુ ભાકરે તિરંગો લહેરાવીને ભારતીય દળનું ગૌરવપૂર્ણ નેતૃત્વ કર્યું હતું. આ વખતના એશિયન ગેમ્સમાં ભારત તરફથી ૩૬ જેટલી વિવિધ રમતો માટે ૫૦૩ ખેલાડીઓનું વિશાળ દળ ભાગ લઈ રહ્યું છે. ગત એશિયન ગેમ્સમાં સુવર્ણચંદ્રક જીતનાર ભારતીય કબડ્ડી ટીમના સભ્ય પવન સેહરાવત અને પેરિસ ઓલિમ્પિકમાં બે બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચનાર મનુ ભાકરને ફ્લેગ-બેરર (ધ્વજવાહક) બનવાનું બહુમાન મળ્યું છે.

આ એશિયન ગેમ્સમાં મનુ ભાકર મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ, ૨૫ મીટર પિસ્તોલ અને ૧૦ મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ભાગ લેશે. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનાર પ્રથમ એથ્લેટ મનુ ભાકરે ફ્લેગ-બેરર તરીકે પસંદગી પામ્યા બાદ એક વિડીયો સંદેશમાં ભાવુક થતાં જણાવ્યું હતું કે, ''જ્યારે ગઈકાલે મને આ અંગે જાણ થઈ ત્યારે મારી આંખો સામે શરૂઆતના સંઘર્ષના દિવસો તરવરી ઉઠ્યા હતા. જ્યારે મેં શરૂઆત કરી ત્યારે ક્યારેય વિચાર્યું ન હતું કે હું રમતગમતમાં આ મુકામ સુધી પહોંચી શકીશ. દેશની ધ્વજવાહક બનવા માટે પસંદગી થવી તે મારા માટે અત્યંત હૃદયસ્પર્શી, ગર્વ અને ખુશીની ક્ષણ છે. હું આ પ્રેમ અને સમર્થન માટે ભગવાન અને તમામ લોકોનો આભાર માનું છું.''

એરપોર્ટ પર લાંબી કતારોમાંથી મુક્તિ

બોર્ડિંગ પાસ પર સિક્કાની પ્રથા નાબૂદ

ઈ-બોર્ડિંગ પાસથી સીધું ઇમિગ્રેશન ક્લિયરન્સ, મુસાફરોનો કિંમતી સમય બચશે

નવી દિલ્હી, તા.૧૯

ભારતના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ્સ પરથી વિદેશ પ્રવાસ કરનારા લાખો મુસાફરો માટે કેન્દ્ર સરકાર તરફથી એક ખૂબ જ મોટા અને રાહતરૂપ સમાચાર આવ્યા છે. વિદેશ જતા સમયે એરપોર્ટ પર ઇમિગ્રેશન કાઉન્ટર પર લાગતી લાંબી કતારોમાંથી મુસાફરોને મુક્તિ આપવા માટે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી આંતરરાષ્ટ્રીય મુસાફરોએ ઇમિગ્રેશન કાઉન્ટર પર પોતાના બોર્ડિંગ પાસ પર ફિઝિકલ સિક્કો (સ્ટેમ્પ) મરાવવાની કોઈ જ જરૂર રહેશે નહીં. ગૃહ મંત્રાલય હેઠળ કાર્યરત બ્યુરો ઓફ ઇમિગ્રેશને આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જેના અંતર્ગત ૧ સપ્ટેમ્બર ૨૦૨૬થી દેશના તમામ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકો પર બોર્ડિંગ પાસની ફિઝિકલ સ્ટેમ્પિંગ પ્રક્રિયા કાયમ માટે બંધ કરી દેવામાં આવી છે.

કેન્દ્ર સરકારના 'ડિજિટલ

ઈન્ડિયા' અભિયાન અંતર્ગત હવાઈ મુસાફરીને વધુ સ્માર્ટ અને પેપરલેસ બનાવવાના ભાગરૂપે આ નિર્ણય લેવાયો છે. હવે મુસાફરો પોતાના સ્માર્ટફોન પર માત્ર ડિજિટલ ઈ-બોર્ડિંગ પાસ બતાવીને ખૂબ જ સરળતાથી અને ઝડપથી ઇમિગ્રેશન ક્લિયરન્સ મેળવી શકશે. આ નવી વ્યવસ્થાથી કાઉન્ટર પર થતો સમયનો વ્યય અટકશે અને મુસાફરોને ચેક-ઇનથી લઈને ફ્લાઇટમાં બેસવા સુધીનો અનુભવ વધુ આરામદાયક બનશે.

બોર્ડિંગ પાસ સ્ટેમ્પિંગ બંધ કરવા પાછળના કારણો જોઈએ તો, ઇમિગ્રેશન બ્યુરોને છેલ્લા ઘણા સમયથી મુસાફરો અને એરપોર્ટ ઓથોરિટી તરફથી સતત ફરિયાદો મળી રહી હતી કે સ્ટેમ્પિંગ પ્રક્રિયાના કારણે સિસ્ટમમાં મોટો વિલંબ થાય છે. દરેક બોર્ડિંગ પાસ પર કાગળની ચકાસણી કરીને મહોર લગાવવાને કારણે કાઉન્ટર પર મુસાફરોનો લાંબો સમય વેડફાતો હતો અને લાંબી લાઈનો લાગતી હતી. તદુપરાંત, ઘણી વખત સિક્કો બરાબર ન લાગવો, આછો લાગવો અથવા તો ખોટી જગ્યાએ લાગવાને કારણે આગળ જતાં બોર્ડિંગ ગેટ પર સુરક્ષા તપાસ (સિક્યોરિટી ચેક) દરમિયાન બારકોડ સ્કેન કરવામાં કે માહિતી વાંચવામાં ભારે મુશ્કેલી ઊભી થતી હતી. આ તમામ સમસ્યાઓનો હવે કાયમી અંત આવ્યો છે.

આ બદલાયેલી નવી વ્યવસ્થા હેઠળ મુસાફરોમાં કોઈ મૂંઝવણ ન રહે તે માટે ઇમિગ્રેશન ઓથોરિટી દ્વારા વિશેષ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જે મુસાફરો સ્માર્ટફોનનો ઉપયોગ ન કરતા હોય અને હજુ પણ કાગળનો પ્રિન્ટેડ બોર્ડિંગ પાસ રાખવા માંગતા હોય તેઓ નિઃસંકોચ રાખી શકે છે. તેમાં કોઈ જ મનાઈ નથી. ફેરફાર માત્ર એટલો જ છે કે ઇમિગ્રેશન અધિકારીઓ હવે તે કાગળના બોર્ડિંગ પાસ પર કોઈ સિક્કો (સ્ટેમ્પ) લગાવશે નહીં.

૭ આયુર્વેદ કોલેજોની માન્યતા રદ

BAMSની ૬૨૦ બેઠકો પર ફ્રીઝિંગ : ગુજરાતના આરોગ્ય શિક્ષણમાં ધડાકો

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી નવા એડમિશન પર સંપૂર્ણ પ્રતિબંધ

નવી દિલ્હી, તા.૧૯

ગુજરાતમાં તબીબી શિક્ષણ ક્ષેત્રે ચાલી રહેલી ગંભીર બેદરકારી અને અનિયમિતતાઓનો વધુ એક મોટો પર્દાફાશ થયો છે. નેશનલ કમિશન ફોર ઇન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિન (NCISM) દ્વારા કરવામાં આવેલા કડક નિરીક્ષણ બાદ નિયમોનું પાલન ન કરતી જૂનાગઢની નોબલ આયુર્વેદિક કોલેજ સહિત રાજ્યની ૭ ખાનગી આયુર્વેદિક કોલેજોની માન્યતા રદ કરી દેવામાં આવી છે. આ કાર્યવાહીને પગલે સમગ્ર તબીબી શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે.

NCISM દ્વારા એક્ટ ૨૦૨૦ની કલમ ૨૮ અને ૨૯ હેઠળ લેવાયેલા કડક પગલાંના કારણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી આ સાતેય કોલેજોમાં BAMS (આયુર્વેદાચાર્ય) કોર્સમાં નવા પ્રવેશ સંપૂર્ણપણે બંધ થઈ જશે. આ નિર્ણયના પરિણામે રાજ્યમાં આયુર્વેદની કુલ ૬૨૦ જેટલી બેઠકો ઘટી જતાં BAMSમાં પ્રવેશ મેળવવા

ઇચ્છુક હોશિયાર વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં ભારે ચિંતા તથા રોષની લાગણી ફેલાઈ છે.

તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયાની માતબર ફી વસૂલતી આ ખાનગી કોલેજો પાસે પૂરતા ક્વોલિફાઇડ પ્રોફેસરો, પૂરતા દર્દીઓ ધરાવતી હોસ્પિટલો કે જરૂરી તબીબી સાધનો પણ ઉપલબ્ધ નહોતા. કાગળ પર ચાલતી આવી કોલેજો સામે NCISM ના ચેકિંગ દરમિયાન ગંભીર ખામીઓ ખુલ્લી પડતાં આ આકરાં પગલાં ભરવાની ફરજ પડી છે.

દર વર્ષે એડમિશન પ્રક્રિયાના સમયે જ આવી કોલેજો સામે પગલાં લેવાતાં NEET પાસ કરીને આવેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું ભવિષ્ય રોળાય છે. રાજ્યનો આરોગ્ય વિભાગ અને સ્થાનિક યુનિવર્સિટીઓ આવી ખામીયુક્ત કોલેજોને અગાઉ કઈ રીતે મંજૂરી આપતી હતી તે સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. શિક્ષણના નામે વેપલા ચલાવતા આવી કોલેજોના સંચાલકો સામે માત્ર માન્યતા રદ કરવા પૂરતી કાર્યવાહી ન રાખતાં, તેમની સામે કડક ગુનાહિત કેસ દાખલ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ વિદ્યાર્થી સંગઠનો અને વાલીઓ દ્વારા કરવામાં આવી રહી છે.

દુનિયાના અનેક દેશોમાં ઇંઈંટ/અઈંઉજ હજુ પણ જાહેર આરોગ્ય માટે મોટો પડકાર

આફ્રિકન દેશમાં એઇડ્સને કારણે નેશનલ ઈમરજન્સી જાહેર

ભારતે મોકલી હરિયાણાના અંબાલામાં બનેલી HIVની દસ ટન દવા: ગ્લોબલ સાઉથના દેશો માટે સંકટ સમયની સાંકળ બનતું ભારત

નવી દિલ્હી,તા.૧૯

ભારતે આફ્રિકન દેશ બોત્સ્વાનાને HIV/AIDS સામે લડવા ૧૦ ટન ARV દવાઓનો જથ્થો મોકલ્યો છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે આ માહિતી આપી હતી. આ દવાઓ હરિયાણાના અંબાલામાં બની છે. વૈશ્વિક સ્વાસ્થ્ય સહયોગ અને ગ્લોબલ સાઉથના ભાગીદાર દેશોને મદદ કરવાની ભારતની પ્રતિબદ્ધતા દર્શાવતું આ એક મહત્વપૂર્ણ પગલું છે. ભારત હંમેશા 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના સાથે વિશ્વના દેશોની પડખે ઊભું રહ્યું છે, અને આ તાજેતરની તબીબી સહાય તેનો જ એક સબળ પુરાવો છે.

દુનિયાના અનેક દેશોમાં HIV/AIDS હજુ પણ જાહેર આરોગ્ય માટે મોટો પડકાર બનેલો છે. ખાસ કરીને આફ્રિકન રાષ્ટ્રોમાં આ સમસ્યા અત્યંત ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. તાજેતરમાં જ ફિજી અને કેટલાક દેશોની સરકારે સતત વધી રહેલા ચેપના કેસોને ગંભીરતાથી લઈને એઇડ્સ પર રાષ્ટ્રીય કટોકટી (નેશનલ ઈમરજન્સી) જાહેર કરી છે. આવા કપરા વૈશ્વિક સંજોગો વચ્ચે ભારતે આફ્રિકન દેશ બોત્સ્વાનાની જાહેર આરોગ્ય પ્રણાલીને મજબૂત કરવા અને ત્યાંના નાગરિકોને નવજીવન આપવા માટે HIV/AIDSની સારવારમાં ઉપયોગી એવી આશરે ૧૦ ટન એન્ટી-રેટ્રોવાયરલ (ARV) દવાઓનો વિશાળ જથ્થો મોકલીને 'વિશ્વની ફાર્મસી' તરીકેની પોતાની છબીને વધુ ઉજળી કરી છે.

ભારતના વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે સોશિયલ મીડિયા પર આ સહાયની પુષ્ટિ કરતાં જણાવ્યું કે ભારતે બોત્સ્વાનાના પબ્લિક હેલ્થ

સિસ્ટમને ટેકો આપવા માટે ૧૦ ટન ARV દવાઓ રવાના કરી છે. તેમણે આ પગલાને ગ્લોબલ સાઉથના ભાગીદાર દેશો સાથે આરોગ્ય ક્ષેત્રે પરસ્પર સહયોગ વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ ગણાવ્યું છે. વિકાસશીલ દેશો જ્યારે ચેપી રોગો અને તબીબી સંસાધનોની ભારે તંગી સામે ઝઝૂમી રહ્યા છે, ત્યારે ભારતની ફાર્માસ્યુટિકલ ક્ષમતા વૈશ્વિક આરોગ્ય સુરક્ષામાં નિર્ણાયક સાબિત થઈ રહી છે. કોરોના કાળમાં પણ ભારતે રસી પૂરી પાડીને આફ્રિકન દેશોની મોટી મદદ કરી હતી.

આ જીવનરક્ષક કન્સાઇનમેન્ટનું નિર્માણ હરિયાણાના અંબાલા સ્થિત 'મેકનીલ એન્ડ આર્ગસ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ' દ્વારા ખાસ ધોરણે કરવામાં આવ્યું છે. કંપનીના ચેરમેન ડો. ભાઈ જી.ડી. છિબ્બરે આ પગલાને અંબાલા અને સમગ્ર ભારતની ફાર્મા ઇન્ડસ્ટ્રી માટે ગૌરવની ક્ષણ ગણાવી હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે દર્દીઓની સલામતી અને દવાઓની મહત્તમ અસરકારકતા સુનિશ્ચિત કરવા માટે તમામ કડક ગુણવત્તા પરીક્ષણો (ક્વોલિટી ચેક) અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) ના નિયમનકારી ધોરણો પૂર્ણ કર્યા બાદ જ આ સપ્લાય રવાના કરવામાં આવી છે. લાંબા અંતરના ટ્રાન્સપોર્ટેશનમાં પણ દવાની ગુણવત્તા જળવાઈ રહે તે માટે વિશેષ પેકેજિંગ કરવામાં આવ્યું છે.

HIV દર્દીઓ માટે એન્ટી-રેટ્રોવાયરલ દવાઓનું મહત્ત્વ તબીબી નિષ્ણાતોના મતે, HIV વાયરસ સીધો માનવ શરીરની રોગપ્રતિકારક શક્તિ (ઇમ્યુન સિસ્ટમ) પર હુમલો કરે છે, જે સમયસર સારવાર ન મળે તો જીવલેણ એઇડ્સમાં ફેરવાઈ જાય છે. એન્ટી-રેટ્રોવાયરલ દવાઓ વાયરસને સંપૂર્ણ નાબૂદ કરતી નથી, પરંતુ શરીરમાં તેના ફેલાવાને મોટા પ્રમાણમાં નિયંત્રિત કરી દે છે. એન્ટી-રેટ્રોવાયરલ થેરાપી (ART) થકી સંક્રમિત દર્દીઓ લાંબુ અને સામાન્ય સ્વસ્થ જીવન જીવી શકે છે. આ દવાઓના સેવનથી શરીરમાં વાયરલ લોડ ઘટે છે અને અન્ય ગંભીર બીમારીઓનું જોખમ ટળે છે, જેથી ભારે સંક્રમણ ધરાવતા બોત્સ્વાના જેવા દેશો માટે આ દવાની ઉપલબ્ધતા ખરા અર્થમાં સંજીવની સમાન સાબિત થશે.

બે મહિલા સહિત 3 વ્યક્તિઓ લાપતા

રામનાથપરામાંથી પરિણીતા, વેલનાથ જડેશ્વરમાંથી યુવતી અને ઉદયનગરમાંથી યુવાન ગુમ.: એ-ડિવિઝન, આજી ડેમ અને માલવિયાનગર પોલીસ મથકે કરાઈ જાણ

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરમાંથી અલગ-અલગ વિસ્તારોમાંથી એક જ દિવસમાં બે મહિલા અને એક યુવાન સહિત કુલ ત્રણ વ્યક્તિઓ રહસ્યમય સંજોગોમાં ગુમ થયા હોવાના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. પરિજનોની ભારે શોધખોળ બાદ પણ આ ત્રણેયનો કોઈ જ પત્તો ન લાગતા આખરે સંબંધિત પોલીસ મથકોમાં ગુમસુધા અંગેની જાણવાજોગ નોંધ કરાવવામાં આવી છે, જેના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રથમ બનાવની વિગત મુજબ, રામનાથપરા શેરી નં. ૦૮ માં રહેતા અંકિત વિજયભાઈ ગોંડલિયા નામના યુવાને એ-ડિવિઝન પોલીસ મથકમાં જાહેર કર્યું છે કે તેમના ૨૨ વર્ષીય પત્ની કૃપાબેન ગત તારીખ ૧૮/૦૯/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યાની આસપાસ ઘરેથી એકલા જ કોઈ કારણોસર ચાલ્યા ગયા છે. તેમના જમણા હાથમાં 'ઓમ' ત્રોફાવેલું છે. આ મામલે એ.એસ.આઈ. ભરતસિંહ વી. ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બીજા બનાવમાં, વેલનાથ જડેશ્વર શેરી નં-૨ માં રહેતા ભાવનાબેન પ્રવિણભાઈ ગોસ્વામીએ આજી ડેમ પોલીસ મથકમાં નોંધાવેલી જાહેરાત મુજબ, તેમની ૩૦ વર્ષીય દીકરી હીનાબેન ગત તારીખ ૧૮/૦૯/૨૦૨૬ ના રોજ સવારના ૦૮:૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે આવેલા મંદિરેથી કોઈ કારણોસર નીકળી ગયા બાદ લાપતા થયા છે. પરિવારજનોએ તમામ જગ્યાએ તપાસ કરવા છતાં હીનાબેન મળી ન આવતા પોલીસને જાણ કરવામાં આવી છે. બનાવની હેડ કોન્સ્ટેબલ કે. વી. જાડેજાએ તપાસ આદરી છે.

ત્રીજા બનાવમાં, માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ઉદયનગર-૧ શેરી નં. ૧૦ (માતૃઆશીષ મકાન) માં રહેતા વિશાલભાઈ પ્રફુલભાઈ ચૌહાણ દ્વારા પોલીસમાં જાણ કરવામાં આવી છે કે તેમના ૩૩ વર્ષીય મોટાભાઈ જયભાઈ પ્રફુલભાઈ ચૌહાણ તારીખ ૧૮/૦૯/૨૦૨૬ ના રોજ સાંજના ૬:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે અને હજુ સુધી પરત ફર્યા નથી. ગુમ થનાર જયભાઈના જમણા હાથમાં નખ ઉપસી ગયેલો છે. આ બનાવની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ સુધીરભાઈ ચલાવી રહ્યા છે.

લાલ સાડી પહેરેલી અજાણી મહિલાએ વેપારીની નજર ચૂકવી ૧૦ ગ્રામ સોનાના દાણાની પેટી સેરવી લીધી

સોનીની દુકાનમાંથી ચોરાયા ૧ લાખના સોનાના દાણા

રાજકોટ, તા.૧૯

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના જસદણમાં આદમજી રોડ પર આવેલી ચામુંડા જ્વેલર્સ નામની સોના-ચાંદીની દુકાનમાં એક અજાણી મહિલા ગ્રાહક રૂપિયા ૧ લાખની કિંમતના સોનાના દાણાની ચોરી કરી ફરાર થઈ ગઈ છે. આ અંગે વેપારી જેન્તીભાઈ બાલુભાઈ થેબ્બરે જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજના પાંચેક વાગ્યાના અરસામાં જેન્તીભાઈ દુકાને એકલા હતા ત્યારે આશરે ૫૦ વર્ષની ઉંમરની લાલ સાડી પહેરેલી એક અજાણી મહિલા ગ્રાહક બનીને આવી હતી. તેણે પહેલા ચાંદીના નાના છત્તર જોયા અને તેમાં ઘૂઘરીઓ ટાંકવાનું કહ્યું હતું. ત્યારબાદ આ મહિલાએ સોનાના દાણા જોવાની માંગણી કરતા વેપારીએ લાલ અને સફેદ રંગની બંધ થઈ શકે તેવી પેટી આપી હતી, જેમાં ૧૦ ગ્રામ વજનના અંદાજે ૭૦ જેટલા સોનાના દાણા હતા.

વેપારી પોતાના અન્ય કામમાં લાગ્યા તેનો લાભ લઈને, મહિલાએ છત્તરમાં ઘૂઘરી ટાંકી રાખજો, પોતે બજારમાંથી ખરીદી કરીને પાછી આવશે તેમ કહીને ત્યાંથી જતી રહી હતી. થોડીવાર પછી વેપારીને યાદ આવતા દુકાનમાં તપાસ કરી પરંતુ સોનાના દાણાવાળી પેટી ક્યાંય મળી ન હતી. દુકાન બહાર તપાસ કરવા છતાં મહિલા ન મળતા, અંતે અજાણી મહિલાએ નજર ચૂકવીને રૂપિયા ૧ લાખની કિંમતના સોનાના દાણા ભરેલી પેટીની ચોરી કરી હોવાનું જણાતા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જે.એમ. ધ્રાંગીયાએ આદરી છે.

રેલવે ડિવિઝનમાં નાટક સ્પર્ધાઓ દ્વારા ફેલાવાયો સ્વચ્છતાનો સંદેશ

વિવિધ કાર્યક્રમો દ્વારા લોકોમાં જાગૃતિનો પ્રયાસ

રાજકોટ, તા. ૧૯

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૧૭સપ્ટેમ્બરથી ૨ ઑક્ટોબર સુધી 'સ્વચ્છતા હી સેવા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. અભિયાનની થીમ સ્વચ્છતામાં સહભાગિતા; સ્વચ્છ ભારત, વિકસિત ભારત છે. અભિયાન અંતર્ગત ડિવિઝનના તમામ નાના-મોટા સ્ટેશનો પર વ્યાપક સ્વચ્છતા અભિયાન ચલાવવાની સાથે મુસાફરો, રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ જ ક્રમમાં રાજકોટ રેલવે સ્ટેશન પર રેલવે કર્મચારીઓ દ્વારા નુક્કડ નાટક પ્રસ્તુત કરીને મુસાફરોને સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. નુક્કડ નાટક દ્વારા મુસાફરોને સ્ટેશન પરિસરમાં કચરો ન ફેંકવા, જાહેર સ્થળોએ ન થૂંકવા તેમજ સ્ટેશન પરિસરને સ્વચ્છ રાખવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. પ્રસ્તુતિ દ્વારા એ સંદેશ આપવામાં આવ્યો હતો કે રેલવે સ્ટેશનોને સ્વચ્છ રાખવા એ રેલવે પ્રશાસન અને મુસાફરોની સંયુક્ત જવાબદારી છે.

અભિયાન અંતર્ગત રાજકોટ ડિવિઝનના કાર્મિક વિભાગ દ્વારા રેલવે કર્મચારીઓ માટે નિબંધ લેખન સ્પર્ધા તેમજ રેલવે કર્મચારીઓના બાળકો માટે ચિત્રકામ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓમાં સહભાગીઓએ સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ તેમજ સ્વચ્છ અને હરિયાળા ભવિષ્ય પ્રત્યે પોતાના વિચારો અને સર્જનાત્મકતા રજૂ કર્યા હતા. આ પ્રવૃત્તિઓનો ઉદ્દેશ્ય સ્વચ્છતાને લોકભાગીદારી સાથે જોડવો, સ્વચ્છતા પ્રત્યે સામૂહિક જવાબદારીની ભાવના કેળવવી તેમજ રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોના સક્રિય સહયોગ થકી સ્વચ્છ ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો છે.

મિત્રતાના નાતે ૬૫ લાખ ઓળવી ગયો ભાઈબંધ!

પોરબંદરના શખ્સ સામે છેતરપિંડીની ફરિયાદ : સિમેન્ટ-લોખંડના ધંધામાં એક મહિના માટે નાણાં ઉછીના લઈ પ્રોમિસરી નોટ લખી આપી હતી

દુકાન અને ફ્લેટના દસ્તાવેજ કરી આપવાના બહાને ખોટા ચેક આપી વિશ્વાસઘાત કરતા માલવિયાનગર પોલીસમાં નોંધાયો ગુનો

રાજકોટ, તા. ૧૯

રાજકોટ શહેરના માલવિયાનગર પોલીસ મથકમાં મિત્રતાના દાવે ઉછીના આપેલા રૂપિયા ૬૫ લાખની છેતરપિંડી અંગેની એક મોટી ફરિયાદ નોંધાઈ છે. પોરબંદરના એક શખ્સે સિમેન્ટ અને લોખંડના ધંધાના નામે નાણાં મેળવીને, બેંકમાં લોન ચાલતી હોય તેવી મિલકતો પધરાવવાનો પ્રયાસ કરી વિશ્વાસઘાત કર્યો હોવાનો ખુલાસો થયો છે. પોલીસે આરોપી વિરુદ્ધ આઈ.પી.સી. કલમ ૪૨૦ હેઠળ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પોલીસ ફરિયાદ મુજબ, રાજકોટમાં નિર્મલા કોન્વેન્ટ સ્કૂલ સામે અંબા વિલાસ-૪ પ્રકાશ સોસાયટીમાં રહેતા અને ડો. યાજ્ઞિક રોડ પર સરવેશ્વર ચોક ખાતે 'વિનાયક બિલ્ડ' નામથી ઓફિસ ધરાવી બાંધકામનો વ્યવસાય કરતા ૫૩ વર્ષીય મહેશભાઈ કલ્યાણજીભાઈ રાજપુતે આ ફરિયાદ નોંધાવી છે. ઓક્ટોબર ૨૦૨૨ માં તેમના મિત્ર જય ખારાએ તેમને પોરબંદરમાં જી.આઈ.ડી.સી. પાસે ડો. સોસાયટીમાં રહેતા અને 'રત્નાકર એન્ટરપ્રાઇઝ' નામની પેઢી ધરાવતા રોમી રાજેન્દ્ર મોરજરીયા સાથે મુલાકાત કરાવી હતી. રોમીએ સિમેન્ટ-લોખંડના વેપાર માટે એક મહિના પૂરતા નાણાંની જરૂર હોવાનું જણાવી મિત્રતાના નાતે મદદ માંગી હતી.

જેથી મહેશભાઈએ પોતાના મિત્ર પર ભરોસો રાખીને તારીખ ૧૩ ઓક્ટોબર ૨૦૨૨ ના રોજ મવડી પ્લોટ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી જય ખારાની 'નવકાર ડીઝલ' નામની ઓફિસે બપોરના સમયે રોમીને રૂ. ૬૫,૦૦,૦૦૦ રોકડા હાથ ઉછીના આપ્યા હતા. આ રકમના બદલામાં રોમીએ પોતાની પોરબંદરની એચડીએફસી (HDFC) બેંકના કુલ ૬ ચેક (દસ લાખના પાંચ અને પંદર લાખનો એક) આપ્યા હતા અને ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર પ્રોમિસરી નોટ લખી આપી હતી.

પ્રોમિસરી નોટમાં શરત હતી કે જો ૧૩ નવેમ્બર ૨૦૨૨ સુધીમાં નાણાં પરત ન મળે તો રોમી પોતાની 'ઓપેલ પ્લાઝા-એ' નામના એપાર્ટમેન્ટમાં આવેલી ૧૦૪ અને ૧૦૫ નંબરની બે દુકાનોનો દસ્તાવેજ મહેશભાઈને કરી આપશે. જોકે, સમયમર્યાદા વીતવા છતાં નાણાં પરત ન મળતા મહેશભાઈએ તપાસ કરી તો ખબર પડી કે તે દુકાનો પર બેંકની લોન ચાલે છે અને પાછળથી બેંકે તે સીલ પણ કરી દીધી હતી.

ત્યારબાદ મહેશભાઈએ આપેલા ચેક બેંકમાં જમા કરાવ્યા તો તે 'એકાઉન્ટ બ્લોકડ' ના શેરા સાથે રિટર્ન થયા હતા. નાણાં પરત માંગતા આરોપી રોમીએ અમદાવાદના થલતેજમાં આવેલા એવિસ એસ્ટેટમાં પોતાના ફ્લેટનો દસ્તાવેજ કરી આપવાની લાલચ આપી હતી. મહેશભાઈના પાર્ટનર વિરેન્દ્રભાઈએ ફ્લેટની તપાસ કરતા તેમાં પણ લોન ચાલતી હોવાનું ખૂલ્યું હતું. છેલ્લે આરોપી રોમીએ સરકારી કોન્ટ્રાક્ટમાં ભાગીદારીની અને સાથે મળીને સિમેન્ટનો ધંધો કરવાની લાલચ આપીને માત્ર બહાના કાઢ્યા હતા.

સમય પસાર થવા છતાં ૬૫ લાખ રૂપિયાની મોટી રકમ પરત ન મળતા અને આરોપી દ્વારા સંપર્ક તોડી નાખવામાં આવતા, અંતે કંટાળીને મહેશભાઈએ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ માલવિયાનગર પોલીસ મથકમાં રોમી રાજેન્દ્ર મોરજરીયા સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ દાખલ કરાવી છે. આ બનાવની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટર અસલમ અલીમામદ બ્લોચ ચલાવી રહ્યા છે.

વ્યાજખોરોનો આતંકઃ બે કાર-કોરા ચેક પડાવી લીધા

પાવડર કોટિંગનું કારખાનું ચલાવતા વેપારીએ લીધેલા નાણાં પર ઊંચું વ્યાજ ચૂકવ્યું છતાં વધુ ઉઘરાણી કરી પરિવારને ધમકાવતા ક્રાઈમ બ્રાન્ચમાં બે શખ્સો સામે ફરિયાદ

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરમાં વ્યાજખોરોના આતંકનો વધુ એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે, જેમાં બે અલગ-અલગ શખ્સોએ વેપારી પાસેથી લાખો રૂપિયાનું ઊંચું વ્યાજ વસૂલવા છતાં પઠાણી ઉઘરાણી કરી બે કાર અને ૨૦ જેટલા કોરા ચેક પડાવી લીધા હતા. એટલું જ નહીં, વ્યાજખોરોએ ઘરે જઈને પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા અંતે ભોગ બનનાર વેપારીએ ક્રાઈમ બ્રાન્ચ (ડી.સી.બી.) પોલીસ મથકના શરણે જઈને ગુનો દાખલ કરાવ્યો છે.

ગોંડલ રોડ પર મહીરાજ હોટલ સામે શિવનગર શેરી નં. ૭ માં રહેતા અને એસ.ટી. વર્કશોપ પાછળ 'શ્રી ગણેશ પાવડર કોટીંગ' નામનું કારખાનું ચલાવતા ૪૫ વર્ષીય પંકજભાઈ વજુભાઈ વાઘેલાએ આ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, અગાઉ તેમના ભાગીદાર છૂટા થઈ ગયા બાદ કારખાનું ચલાવવા માટે વર્ષ ૨૦૨૧ માં તેમણે જના ફાઇનાન્સ બેન્કમાંથી રૂ. ૨ કરોડની લોન લીધી હતી, જેનો રૂ. ૩,૧૭,૦૦૦ નો માસિક હપ્તો આવતો હતો. આર્થિક તકલીફ ઊભી થતાં તેમણે પરિચિતો મારફતે વ્યાજે નાણાં લેવાની શરૂઆત કરી હતી. મિત્ર વર્તુળ મારફતે સંપર્કમાં આવેલા અર્જુનભાઈ આયદાનભાઈ દાવેરા (રહે. રાજકોટ) એ અન્ય વ્યક્તિ પાસેથી રૂ. ૪,૭૫,૦૦૦ પંકજભાઈને વ્યાજે અપાવ્યા હતા. આ રકમની સામે અર્જુનભાઈએ પંકજભાઈની શ૨૦ કાર (GJ-૦૩-ખઈ-૬૮૬૩) નું વેચાણ કરાર કરાવી કાર અને ICICI બેંકના ૧૦ કોરા ચેક પોતાની પાસે રાખી લીધા હતા. સાત મહિના સુધી પંકજભાઈએ દર મહિને રૂ. ૫૦,૦૦૦ લેખે વ્યાજ ચૂકવ્યું હતું, પરંતુ એકાદ-બે મહિના રકમની સગવડ ન થતાં અર્જુનભાઈએ પંકજભાઈના કારખાનેથી તેમની બીજી ક્વાલિસ કાર (GJ-૦૩-ઉઉ-૮૧૬૧) પણ પડાવી લીધી હતી. વધુ વ્યાજ અને મુદ્દલ માટે અર્જુનભાઈએ ઘરે આવીને પંકજભાઈ અને તેમના પત્ની નિશાબેનને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

ઓગસ્ટ ૨૦૨૨ માં પંકજભાઈએ ચંદ્રેશભાઈ ઉર્ફે દેવાભાઈ કાનજીભાઈ મોલીયા પાસેથી રૂ. ૧૫,૦૦,૦૦૦ માસિક ૩% વ્યાજે લીધા હતા. તે સમયે ચંદ્રેશભાઈએ લખાણમાં રૂ. ૨૫,૦૦,૦૦૦ ની સહી કરાવી લીધી હતી અને ખાતાના ૧૦ કોરા ચેક પણ લઈ લીધા હતા. પંકજભાઈ આ રકમનું દર મહિને રૂ. ૪૫,૦૦૦ લેખે વ્યાજ ચૂકવતા હતા. તેમણે વ્યાજ પેટે કુલ રૂ. ૧૫,૩૦,૦૦૦ ચૂકવી દીધા હોવા છતાં, ચંદ્રેશભાઈ વધુ વ્યાજ અને મુદ્દલ રકમની માંગણી કરી પરિવારને હેરાન કરતા હતા.

વ્યાજખોરોના આ ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકીઓના ઓડિયો રેકોર્ડિંગ સાથે પંકજભાઈએ અગાઉ નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ બ્રાન્ચ) ને લેખિત અરજી આપી હતી. જેના આધારે ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં અર્જુનભાઈ દાવેરા અને ચંદ્રેશભાઈ મોલીયા વિરુદ્ધ ગુજરાત નાણાની ધીરધાર કરનારાઓ બાબતના અધિનિયમની કલમ ૫, ૪૦, ૪૨ અને બી.એન.એસ.ની કલમ ૩૫૧(૩) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ગંભીર મામલાની વધુ તપાસ પીએસઆઈ એ.એન.પરમાર પરમાર ચલાવી રહ્યા છે.

રાજકોટ ગ્રામ્યમાં વધતા જતાં ઓનલાઈન છેતરપિંડીના બનાવો

શાપર-વેરાવળમાં સિક્યુરિટી ગાર્ડ સાથે ૮૯ હજારનું ફ્રોડ

માનસિક બીમાર પુત્ર મોબાઈલમાં ગેમ રમતો હતો અને ફોન હેક થઈ ગયોઃ ત્રણ અલગ-અલગ ટ્રાન્ઝેક્શનથી ખાતામાંથી રકમ સેરવાઈ

રાજકોટ, તા.૧૯

રાજકોટ ગ્રામ્ય વિસ્તારના શાપર-વેરાવળ ઔદ્યોગિક વસાહતમાં નોકરી કરતા એક નેપાળી સિક્યુરિટી ગાર્ડના બેન્ક ખાતામાંથી સાયબર ગઠિયાઓએ રૂપિયા ૮૯,૦૦૦ ની રકમ સેરવી લીધી હોવાની ઘટના સામે આવી છે. પુત્ર જ્યારે મોબાઈલમાં ગેમ રમી રહ્યો હતો ત્યારે અચાનક ફોન હેક કરીને ગઠિયાઓએ ત્રણ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે લાખો રૂપિયા ઉપાડી લીધા હતા. આ મામલે પીડિતે સાયબર હેલ્પલાઈનમાં જાણ કર્યા બાદ શાપર (વેરાવળ) પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શાપર-વેરાવળ ગામમાં આવેલી 'નિકુ ફોર્જીંગ કંપની'માં નોકરી કરતા અને ત્યાં જ કંપનીના રૂમમાં રહેતા ૪૦ વર્ષીય ક્રિષ્નાબહાદુર વિજીર્ત ખડકાએ પોલીસમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે. ક્રિષ્નાબહાદુર મૂળ નેપાળના જાજરકોટ જિલ્લાના (કર્નાલી પ્રદેશ) વતની છે અને છેલ્લા દસેક વર્ષથી શાપર-વેરાવળ ખાતે સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો એક પુત્ર ભભિન્દ્ર માનસિક રીતે બીમાર હોવાથી, તેની સારવાર કરાવવા માટે તેઓ આજથી બે મહિના પહેલા જ તેને નેપાળથી પોતાની સાથે વેરાવળ લાવ્યા હતા.

ફરિયાદમાં વર્ણવ્યા અનુસાર, ગત તા. ૧૫ના રોજ ક્રિષ્નાબહાદુર અને તેમનો પુત્ર ભભિન્દ્ર કંપનીના રૂમ પર હતા. ભભિન્દ્ર પિતાના મોબાઈલ ફોનમાં ગેમ રમી રહ્યો હતો. સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ ભભિન્દ્રએ પિતાને કહ્યું કે મોબાઈલ ફોન બંધ થઈ ગયો છે. ક્રિષ્નાબહાદુરે ફોન ચેક કર્યો તો તે ખરેખર બંધ હતો.

થોડીવાર પછી જ્યારે ફોન આપમેળે ચાલુ થયો, ત્યારે તેમાં ઉપરાઉપરી બેન્કમાંથી રૂપિયા કપાવાના મેસેજ આવવા લાગ્યા હતા. ક્રિષ્નાબહાદુરનું પંજાબ નેશનલ બેન્ક (શાપર-વેરાવળ બ્રાન્ચ) માં ખાતું છે. આ એકાઉન્ટમાંથી ગઠિયાઓએ પહેલા રૂપિયા ૨૬,૦૦૦, ત્યારબાદ રૂપિયા ૫૦,૦૦૦ અને છેલ્લે રૂપિયા ૧૩,૦૦૦ એમ કુલ રૂપિયા ૮૯,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા.

પોતાની સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાનું સમજાતા, ક્રિષ્નાબહાદુરે તાત્કાલિક સાયબર ફ્રોડ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કોલ કર્યો હતો અને પોતાની સાથે થયેલા ફ્રોડની સંપૂર્ણ વિગતો આપીને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે શાપર (વેરાવળ) પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.જેની વધુ તપાસ પીઆઈ આર.બી. રાણાએ હાથ ધરી છે.

શિસ્તભંગ કરશો તો સસ્પેન્ડ થતા વાર નહીં લાગ

કમલમ ખાતે પ્રદેશ સંગઠન મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવેએ ૬૫ કોર્પોરેટરોને બોલાવી આકરા શબ્દોમાં ઠપકો આપ્યો; 'ઘરની વાત ઘરમાં રાખો'

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપની નવી ટર્મને હજુ માંડ ચાર મહિના પૂરા થયા છે ત્યાં જ બદલાયેલા રાજકીય સમીકરણો અને આંતરિક જૂથવાદને કારણે અવારનવાર વિવાદો સપાટી પર આવી રહ્યા છે. તાજેતરમાં સામે આવેલા આવાસ યોજનામાં ગોલમાલના આરોપો, અગાઉના જંગલેશ્વર ડિમોલિશન વખતના વિવાદાસ્પદ ખર્ચ, કાર્યક્રમોના બિનજરૂરી ખર્ચાઓ અને નવા વિકાસ કામોને લાગેલી બ્રેકના અહેવાલો છેક ગાંધીનગર સુધી પહોંચતા પ્રદેશ સંગઠને આકરું વલણ અપનાવ્યું છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે ગઈકાલે સાંજે પ્રદેશ સંગઠન મહામંત્રી અને શહેર ભાજપના પ્રભારી અનિરૂદ્ધભાઈ દવેએ રાજકોટ ભાજપના તમામ ૬૫ કોર્પોરેટરોને અચાનક 'કમલમ' ખાતે તેડું મોકલ્યું હતું.

કમલમ ખાતે યોજાયેલી આ મહત્ત્વની બેઠકમાં પ્રભારી અનિરૂદ્ધભાઈ દવેએ મનપામાં સતત ઊભા થતા વિવાદો અંગે ભારે નારાજગી વ્યક્ત કરતા પદાધિકારીઓ અને કોર્પોરેટરો સમક્ષ સીધો સવાલ કર્યો હતો કે, ''કોર્પોરેશનમાં આટલા બધા વિવાદો કેમ ઊભા થાય છે?'' મનપામાં સત્તા અને સંગઠનના કાર્યક્ષેત્ર અલગ અને સ્વતંત્ર બન્યા ત્યારથી જ અમુક વિવાદોના પાયા રોપાઇ ગયા હોવાની ચર્ચા પક્ષમાં જ ચાલી રહી હતી. વિવાદોને કારણે 'વિકાસની ગાડી' અન્ય કોઇ રસ્તે ડાયવર્ટ થઈ ગઈ હોવાનું પ્રભારીના ધ્યાન પર દોરવામાં આવતા તેમણે પદાધિકારીઓને તમામ કોર્પોરેટરોને વિશ્વાસમાં લઈને કામગીરી કરવા તેમજ તેમની ફરિયાદો અને રજૂઆતોને

ગંભીરતાથી સાંભળીને ઉકેલ લાવવા માટે સ્પષ્ટ તાકીદ કરી હતી.

આ બેઠકમાં નગરસેવકોને પક્ષની શિસ્ત અને મર્યાદા યાદ અપાવતા સૌથી મોટો અને કડક સંદેશો ''ઘરની વાત ઘરમાં રાખવાનો'' આપવામાં આવ્યો હતો. પક્ષની પ્રતિષ્ઠાને નુકસાન ન થાય તેની જવાબદારી સૌને યાદ કરાવીને તેમણે સ્પષ્ટ ટકોર કરી હતી કે કોઈપણ પ્રકારના જાહેર વિવાદ, જૂથવાદ કે આંતરિક બાબતો માધ્યમો કે જાહેર જનતા સમક્ષ જવી જોઈએ નહીં. સંગઠનના ઉચ્ચ નેતાઓની હાજરીમાં આકરી ચેતવણી આપતા જણાવવામાં આવ્યું હતું કે, પક્ષની શિસ્ત અને મર્યાદાનો ભંગ કરનાર વ્યક્તિ પછી ભલે તે કોઈ ટોચના પદાધિકારી હોય કે સામાન્ય કોર્પોરેટર, પાર્ટી કોઈની પણ શેહશરમ રાખશે નહીં અને જરૂર પડ્યે સંબંધિત સભ્ય સામે સસ્પેન્શન સુધીના આકરા પગલાં લેતા પણ વાર નહીં લાગે. પ્રદેશ સંગઠનના આ આકરા ઠપકાથી સત્તા અને સંગઠનના લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

દરમિયાન, કમલમની આ મહત્વપૂર્ણ બેઠક પૂર્ણ કર્યા બાદ પ્રભારી અનિરૂદ્ધભાઈ દવેએ રેસકોર્સ મેદાન ખાતે ભાજપ સંગઠન દ્વારા આયોજિત ગણેશ ઉત્સવમાં હાજરી આપી હતી. પોતાના આ રાજકોટ પ્રવાસ દરમિયાન તેમણે સિનિયર નેતાઓ અને ટોચના હોદ્દેદારો સાથે શિક્ષણ સમિતિમાં નવી નિમણૂકો સહિતના આગામી રાજકીય મુદ્દાઓ અંગે પણ વિચારણા કરી હોવાનું જાણવા મળ્યું છે. ગાંધીનગરથી મળેલા આ કડક મેસેજ બાદ હવે રાજકોટ મનપામાં વિવાદો શમે છે કે કેમ તે જોવું રહ્યું.

હાઈવે પરના ગેરકાયદેસર કટ્સ તાત્કાલિક બંધ કરો

જિલ્લામાં તહેવારો પૂર્વે ટ્રાફિક અને સફાઈ મુદ્દે તંત્ર હરકતમાં : ટ્રાફિક સંચાલન સુધારવા આદેશ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ જિલ્લામાં આગામી તહેવારોને ધ્યાને રાખીને ટ્રાફિક અને સ્વચ્છતા સંબંધિત પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે વહીવટી તંત્ર દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી છે. રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં અને જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયાની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી ખાતે જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની સપ્ટેમ્બર માસની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા વિવિધ પ્રશ્નો પર ઊંડાણપૂર્વક ચર્ચા હાથ ધરીને તમામ બાકી કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા નિર્દેશ આપવામાં આવ્યા હતા.

બેઠક દરમિયાન રાજકોટના હાઈવે પર થતાં ટ્રાફિક અને માર્ગ સલામતી અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર તહેવારોમાં સર્જાતી ટ્રાફિક સમસ્યા, શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં સફાઈ તેમજ રેલવે જંકશન ખાતે આડેધડ પાર્કિંગ અંગે રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રશ્નોના નિકાલ અર્થે કલેક્ટરે હાઈવે પર બેરિકેટ્સ અને સાઈન બોર્ડ લગાવીને દિવાળી પહેલા ટ્રાફિક સંચાલનની સુધારેલી વ્યવસ્થા ગોઠવવા આદેશ આપ્યો હતો. વધુમાં, રેલવે સ્ટેશન પાસે રિક્ષા અને ખાનગી વાહનો માટે અલગ પાર્કિંગ લેન તૈયાર કરવા, શાપર-વેરાવળમાં તાત્કાલિક સફાઈ ઝુંબેશ ચલાવવા તેમજ સ્ટેટ રોડ, પંચાયત રોડ, GSRDC, NHAI કે રુડાના તમામ રસ્તાઓ પર પડેલા ગેરકાયદેસર કટ્સ તાત્કાલિક અસરથી બંધ કરવા તમામ સંબંધિત અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

અન્ય લોકપ્રશ્નોની ચર્ચા કરતી વખતે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે મતદાર યાદીમાં નામ ઉમેરવાની પ્રક્રિયા અને ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ હોસ્પિટલોના પ્રોવિઝનલ રજિસ્ટ્રેશનના કારણે દર્દીઓને પ્રાઈવેટ ઈન્સ્યોરન્સ ક્લેમ મેળવવામાં પડતી મુશ્કેલીઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ અંગે કલેક્ટરે પ્રાંત અધિકારીને મતદાર યાદીની કામગીરી ત્વરિત પૂરી કરવા જણાવ્યુ હતું, તેમજ આરોગ્ય તંત્ર સાથે સંકલન સાધીને હોસ્પિટલોની પેન્ડન્સીનો ઝડપી ઉકેલ લાવવા આદેશ આપ્યો હતો જેથી દર્દીઓ અને હોસ્પિટલ સંચાલકોને હાલાકી ભોગવવી ન પડે. આ ઉપરાંત જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા દ્વારા કુવાડવા વિસ્તારમાં નોનવેજના વેચાણ અંગે રજૂ કરાયેલા પ્રશ્ન પર અધિકારીઓને રૂબરૂ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા જણાવાયું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, નિવાસી અધિક કલેક્ટર જે. એચ. બારોટ અને ડી.સી.એફ. યુવરાજસિંહ ઝાલા સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સામે જોવા જેવી નજીવી બાબતે યુવાન પર છરીથી જીવલેણ હુમલો

બાપાસીતારામ ચોક પાસે 'કાતરો મારીને કેમ જોતો હતો' કહી સાગર ગઢવી અને વિકા ભરવાડે મિત્રો સાથે મળીને છાતીના ભાગે છરીના ઘા ઝીંક્યા, આજીડેમ પોલીસમાં નોંધાઈ ફરિયાદ

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર આવેલા બાપાસીતારામ ચોક પાસે રાત્રિના સમયે માત્ર સામે જોવા જેવી નજીવી બાબતે માથાકૂટ થતાં એક ૨૦ વર્ષીય યુવાન અને તેના મિત્રો પર છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં બે યુવાનોને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આજીડેમ પોલીસે આ મામલે ચાર શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, કોઠારીયા રોડ પર ગુજરાત હાઉસીંગ બોર્ડના ક્વાર્ટરમાં (બ્લોક નં. ૨૯૨) રહેતા અને કુવાડવા રોડ પર ઓટો પાર્ટ્સની એજન્સીમાં નોકરી કરતા ગૌતમભાઈ અશ્વિનભાઈ ડાભી (ઉ.વ.૨૦) નામના યુવાને આ અંગે ફરિયાદ નોંધાવી છે. ગત તારીખ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ રાત્રે સાડા બારેક વાગ્યાના અરસામાં ગૌતમભાઈ સ્વાતિ પાર્ક પાસે આવેલી 'ઠાકરધણી હોટલ' પર ચા-પાણી પીવા ગયા હતા. ત્યાં પહેલેથી જ બેઠેલા સાગર ગઢવી નામના શખ્સ અને ગૌતમભાઈ વચ્ચે એકબીજા સામે જોવાની (નજર મળવાની) બાબત બની હતી.

થોડીવાર પછી ગૌતમભાઈ હોટલથી નીકળીને કોઠારીયા રોડ પર બાપાસીતારામ ચોક પાસે ઉભા હતા, ત્યારે સાગર ગઢવી ત્યાં પોતાનું બાઈક લઈને આવ્યો હતો. તેણે ગૌતમભાઈને કહ્યું હતું કે, ''તું હોટલ પર મારી સામે કાતરો મારીને કેમ જોતો હતો?''. ગૌતમભાઈએ પોતે આવું કશું કર્યું ન હોવાની અને કોઈ દુશ્મનાવટ ન હોવાની સ્પષ્ટતા કરી હોવા છતાં, ઉશ્કેરાયેલા સાગર ગઢવીએ ગાળો ભાંડી ઝઘડો શરૂ કર્યો હતો. આ માથાકૂટ વધતા ગૌતમભાઈએ પોતાના મિત્ર ચિરાગ બારૈયાને ફોન કરીને ત્યાં બોલાવ્યો હતો. સામે પક્ષે સાગર ગઢવીએ પણ તેના મિત્ર વિકા ભરવાડ અને અન્ય બે અજાણ્યા શખ્સોને બોલાવી લીધા હતા.

ચિરાગે ઘટનાસ્થળે આવીને મામલો શાંત પાડવા સાગરને કહ્યું હતું, પરંતુ હુમલાખોરોએ એકદમ ઉશ્કેરાઈ જઈને ગૌતમભાઈ અને ચિરાગને ઢીકા-પાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન વિકા ભરવાડે પોતાની પાસે રહેલી છરી કાઢીને ગૌતમભાઈના છાતીના ભાગે જીવલેણ ઘા ઝીંકી દીધો હતો. એટલું જ નહીં, મિત્ર ચિરાગને પણ છાતીના ભાગે છરીનો ઘા મારી દીધો હતો. આ સમયે વચ્ચે બચાવવા પડેલા અન્ય એક મિત્ર સાગર કાલીયાને પણ હુમલાખોરોએ માથા અને શરીરના ભાગે મૂંઢ ઈજા પહોંચાડી હતી. આ મારામારી અને જપાજપી દરમિયાન ચિરાગના ગળામાંથી બે તોલાનો સોનાનો ચેન પણ ક્યાંક પડી ગયો હતો.

માણસો ભેગા થઈ જતાં આરોપીઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ત્રણેય ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ગૌતમભાઈ અને ચિરાગને છાતી તેમજ મોઢાના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ ગૌતમભાઈએ આજીડેમ પોલીસ મથકમાં સાગર ગઢવી, વિકો ભરવાડ અને બે અજાણ્યા શખ્સો સામે બી.એન.એસ. ની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩(૫) અને જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધાવ્યો છે. આ ગંભીર બનાવની વધુ તપાસ આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ જોડેજા ચલાવી રહ્યા છે.

ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુએન્સર યુવતીના ઘરમાં ઘૂસી પૂર્વ પ્રેમીની હત્યાની ધમકી

માંગરોળના શખ્સના અન્ય યુવતી સાથેના સબંધની જાણ થતાં યુવતીએ બ્રેકઅપ કર્યું હતું 'બીજા સાથે લગ્ન કરીશ તો બંનેને પતાવી દઈશ' તેવી ધમકી આપતા આજીડેમ પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતી અને ઈન્સ્ટાગ્રામ પર વિડીયો બનાવતી એક ૨૦ વર્ષીય યુવતીના ઘરમાં ઘૂસીને તેના પૂર્વ પ્રેમીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો બનાવ સામે આવ્યો છે. યુવતીએ સંબંધ તોડી નાખતા ઉશ્કેરાયેલા માંગરોળના શખ્સે ઘરમાં પરાણે ઘૂસી જઈ 'બીજા સાથે લગ્ન કરીશ તો બંનેને જીવથી મારી નાખીશ' તેવી ધમકી આપતા આજીડેમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, હરિદ્વાર સોસાયટીમાં રહેતી અને ઘરે બેઠા ધોરણ-૧૦ નો અભ્યાસ કરતી ઈશાબેન ભરતભાઈ થરેસા નામની ૨૦ વર્ષીય યુવતી 'ઈન્ફ્લુઅન્સર' તરીકે કામ કરે છે અને ઈન્સ્ટાગ્રામ પર પોતાના વિડીયો મૂકે છે. દસેક મહિના પહેલા અમદાવાદમાં નોકરી કરતી વખતે ઈન્સ્ટાગ્રામ મારફતે તેનો સંપર્ક માંગરોળ (જિ. જૂનાગઢ) ના જતિન મનસુખભાઈ પરમાર સાથે થયો હતો અને બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો.

ગત ૨૬ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઈશાએ જતિનનો મોબાઈલ ચેક કરતા તેમાં બંસી નામની બીજી છોકરી સાથેના અંગત મેસેજ જોવા મળ્યા હતા. આ બાબતે પૂછપરછ કરતા જતિને ગોળગોળ જવાબો આપ્યા હતા, પરંતુ મેસેજ ખુબ જ અંગત હોવાથી ઈશાએ જતિન સાથેનો સંબંધ તોડી નાખ્યો હતો. ત્યારબાદ તે રાજકોટ પોતાના ઘરે રહેવા આવી ગઈ હતી અને જતિનને મોબાઈલ ફોનમાં બ્લોક કરી દીધો હતો.

પ્રેમસંબંધ તોડી નાખ્યો હોવા છતાં, ગત ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સવારે સાડા નવેક વાગ્યે જતિન પરમાર ઈશાના રાજકોટ સ્થિત ઘરે પહોંચી ગયો હતો. તે પરાણે ઘરમાં ઘૂસી ગયો હતો અને ઈશાને ધમકાવતા કહ્યું હતું કે, ''તું મારી સાથે સંબંધ રાખ અને જો તું બીજા કોઈ સાથે લગ્ન કરીશ તો સારું નહીં થાય, હું તને અને સામેવાળા છોકરાને જીવથી મારી નાખીશ''. આ સમયે રૂમમાં સૂતો ઈશાનો ૧૮ વર્ષીય ભાઈ જીત અવાજ થતા જાગી ગયો હતો, જેને જોઈને આરોપી જતિન ઘરમાંથી ભાગી છૂટ્યો હતો.

આ ઘટના બાદ યુવતીએ મોડી સાંજે પોતાના માતા-પિતાને જાણ કરી હતી અને અંતે આજીડેમ પોલીસ મથકમાં જતિન મનસુખભાઈ પરમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવાઈ છે. આ બનાવની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ જોડેજાએ હાથ ધરી છે.

છૂટાછેડા બાદ પણ પૂર્વ પતિનો ત્રાસ યથાવત

'બહાર નીકળ, છરીના ઘોદા મારી પતાવી દઈશ' તેવી ધમકી : દારૂડિયા પતિની અવારનવાર માથાકૂટથી કંટાળીને મહિલાએ છૂટાછેડા લીધા હતા: વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ પર વોઇસ મેસેજ મોકલીને ગાળો ભાંડતા પ્ર.નગર પોલીસમાં નોંધાઈ ફરિયાદ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ શહેરના પોપટપરા વિસ્તારમાં રહેતી એક મહિલાને તેના પૂર્વ પતિ દ્વારા છૂટાછેડા બાદ પણ અવારનવાર ધમકાવવામાં આવતી હોવાનો બનાવ સામે આવ્યો છે. દારૂ પીને માથાકૂટ કરતા અને આગલા ઘરના બાળકોને સાથે રાખવાની ના પાડતા પતિથી કંટાળીને મહિલાએ છૂટાછેડા લીધા હતા. જોકે, ત્યારબાદ પણ આરોપીએ વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ પર ગાળો આપી અને 'છરીના ઘોદા મારી પતાવી દઈશ' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપતા આખરે પ્ર.નગર (પ્રદ્યુમનનગર) પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, પોપટપરા શેરી નં. ૫ માં રહેતા ૨૮ વર્ષીય નીશાબેન રાજુભાઇ લોરીયાએ પોતાના પૂર્વ પતિ સોહીલ રફાઈ (રહે. કોઠારીયા સોલવન્ટ) સામે આ ફરિયાદ નોંધાવી છે. નીશાબેનના પ્રથમ લગ્ન પંદરેક વર્ષ પહેલાં ટંકારા ખાતે થયા હતા, પરંતુ આઠેક વર્ષ પહેલાં તેમના છૂટાછેડા થઈ જતાં તેઓ પોતાના બે પુત્રો (આર્યન અને રાજવીર) સાથે રાજકોટ આવી ગયા હતા. ત્યારબાદ સાતેક વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામ મારફતે તેમનો સંપર્ક સોહીલ રફાઈ સાથે થયો હતો અને બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાતા તેમણે સોહીલ સાથે બીજા લગ્ન કર્યા હતા. આ લગ્નથી તેમને ચાર વર્ષનો એક પુત્ર (આયાન) પણ છે.

લગ્ન બાદ નીશાબેનને જાણવા મળ્યું કે તેમનો પતિ સોહીલ દારૂ પીવાની ટેવ વાળો છે. તે અવારનવાર ઘરમાં ઝઘડા કરતો હતો અને નીશાબેનના પહેલા ઘરના બાળકોને પોતાની સાથે રાખવાનો સતત વિરોધ કરતો હતો. રોજબરોજના આ કકળાટથી કંટાળીને અંતે પંદરેક દિવસ પહેલા નીશાબેને નોટરી લખાણ કરીને સોહીલ સાથે વિધિવત છૂટાછેડા લઈ લીધા હતા.

છૂટાછેડા લીધા પછી પણ સોહીલ અવારનવાર નીશાબેનને ફોન કરીને હેરાન કરતો હતો. નીશાબેન ફોન ન ઉપાડે તો તે વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ પર વોઇસ મેસેજ કરીને બિભત્સ ગાળો ભાંડતો હતો. આરોપીએ ધમકી આપતા મેસેજ કર્યા હતા કે, ''હવે બહાર નીકળ, તને છરીના ઘોદા મારીશ અને તને જાનથી મારી નાખીશ... હું તને ક્યાંય રહેવા નહીં દઉં''.

ગઈ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ રાત્રે એક વાગ્યાની આસપાસ સોહીલ નીશાબેનના ઘરે પણ પહોંચી ગયો હતો અને જેમ ફાવે તેમ બોલવા લાગ્યો હતો. જેથી ડરી ગયેલા નીશાબેને ઘરનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો અને ત્યારબાદ તે ત્યાંથી જતો રહ્યો હતો. સતત મળી રહેલી આ ધમકીઓથી ત્રાસીને નીશાબેને ૧૯ સપ્ટેમ્બરના રોજ પ્ર.નગર પોલીસ મથકમાં સોહીલ રફાઈ વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૩૫૧(૩) અને ૩૫૨ મુજબ ગુનો દાખલ કરાવ્યો છે. આ મામલે પોલીસ હેડ કોન્સ્ટેબલ લાભુભાઈ આંબાભાઈ જતાપરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

દેશની ગંદકીથી રાજકોટ ગંધાયું

પરપ્રાંતીય ગુન્હાખોરોનું તાંડવ

રાજકોટ શહેર અને સમગ્ર સૌરાષ્ટ્ર શાંતિ તેમજ ભાતૃભાવ માટે જાણીતું રહ્યું છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી અહીં ગુનાખોરીના પ્રમાણમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. તાજેતરમાં રાજકોટમાં બ્યુટી પાર્લર સંચાલિકાની તેમના જ ઘરમાં થયેલી ક્રૂર હત્યાએ સમગ્ર શહેરને હચમચાવી દીધું છે. આ ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા સામે મોટા પ્રશ્નાર્થચિહ્નો ઊભા કર્યા છે.

પોલીસ તપાસ દરમિયાન બહાર આવેલી વિગતો વધુ ચોંકાવનારી છે. હત્યા કરનાર વ્યક્તિ પડોશમાં જ રહેતો પરપ્રાંતીય શખ્સ નીકળ્યો. આરોપી બંને ભાઈઓ આગ્રાના છે. પોતાના વતનમાં થયેલું દેવું ચૂકવવા અને લૂંટ ચલાવવાના ઈરાદે આ દર્દનાક ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. આવી ઘટનાઓ હવે માત્ર એક અપવાદ નથી રહી, પરંતુ એક ગંભીર ટ્રેન્ડ બની રહી છે. સૌરાષ્ટ્રમાં બનતી આવી ક્રૂર ઘટનાઓનું વિશ્લેષણ કરતાં સ્પષ્ટ થાય છે કે ગુનાહિત ઈતિહાસ ધરાવતા અસામાજિક તત્વો અને વિધર્મીઓ સુરક્ષિત આશ્રયસ્થાન તરીકે આ વિસ્તારનો ઉપયોગ કરી રહ્યા છે.

છેલ્લા દાયકામાં ક્રૂર અને ગંભીર પ્રકારના બનાવોમાં સતત વધારો થયો છે. સ્થાનિક નાગરિકોમાં ભય અને અસુરક્ષાની ભાવના પ્રબળ બની છે. સ્થાનિક તંત્ર કે પોલીસ વિભાગ આ બાબતથી અજાણ હોઈ શકે નહીં. તેમ છતાં, પરપ્રાંતીય નાગરિકોનું યોગ્ય વેરિફિકેશન કે સઘન ચેકિંગ કરવામાં આવતું નથી. આ પ્રકારની બેદરકારીને કારણે તંત્રની કાર્યશૈલી પણ શંકાના ઘેરામાં આવી ગઈ છે. ગંભીર રણનીતિના અભાવે અસામાજિક તત્વોને મોકળું મેદાન મળી રહ્યું છે. સૌરાષ્ટ્રભરમાં વધી ગયેલી ક્રૂર પ્રકારની ગુન્હાખોરીનો તટસ્થ અને ઉંડાણ પૂર્વક અભ્યાસ જરૂરી છે.

નગરજનો અને વેપારીઓ સુરક્ષા માટે યોગ્ય પગલાંની માંગ કરી રહ્યા છે. નેતાઓ અને જવાબદાર અધિકારીઓએ પક્ષપાત વગર કડક અમલીકરણ કરવું જરૂરી છે. બહારથી આવતા લોકોનું યોગ્ય રજિસ્ટ્રેશન થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. જો સમયસર યોગ્ય અને તટસ્થ પગલાં લેવામાં નહીં આવે તો શાંત ગણાતું આ શહેર વધુ અસુરક્ષિત બનશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત કરવા માટે વહીવટી તંત્રે તાત્કાલિક અસરથી ઊંડી તપાસ અને કડક નીતિ અમલમાં મૂકવી અત્યંત જરૂરી છે.

ભારતના યુવાનોએ આખી દુનિયાનો વિશ્વાસ જીત્યો

પીએમ મોદીએ ૫૧,૦૦૦ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું અને FTA ના ફાયદાઓની યાદી આપી

નવીદિલ્હી, તા. ૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે ભારત દ્વારા વિવિધ દેશો સાથે કરાયેલા મુક્ત વેપાર કરારો (FTA) યુવાનો માટે રોજગારની નવી તકો ખોલી રહ્યા છે. વિડીયો કોન્ફરન્સ દ્વારા રોજગાર મેળાને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું કે ભારતીય યુવાનોની પ્રતિભા અને કૌશલ્યએ સમગ્ર વિશ્વનો વિશ્વાસ મેળવ્યો છે. વિશ્વને ભારતીય નવીનતાઓ, ઉદ્યોગસાહસિકો અને દેશના યુવાનો પાસેથી ઘણી અપેક્ષાઓ છે. આ કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવા ભરતી થયેલા યુવાનોને વિડીયો કોન્ફરન્સ દ્વારા ૫૧,૦૦૦ થી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું. તેમણે કહ્યું કે ભારતે ૪૦ મુક્ત વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ FTA આપણા યુવાનો માટે નવી તકો ખોલી રહ્યા છે. આવા વેપાર કરારો આપણા વ્યવસાયો માટે નવી ભાગીદારીનો માર્ગ મોકળો કરે છે, નવા બજારોમાં પ્રવેશ પૂરો પાડે છે અને યુવાનો માટે નવી કારકિર્દીની તકો ઉભી કરે છે.

તાજેતરના BRICS સમિટનો ઉલ્લેખ કરતા, શ્રી મોદીએ કહ્યું કે ભારતે ખાતરી કરવાનો પ્રયાસ કર્યો છે કે BRICS સહયોગ ફક્ત સરકારો સુધી મર્યાદિત ન રહે. તેમણે કહ્યું કે આપણા વ્યવસાયો, આપણા ખેડૂતો, આપણી મહિલાઓ, આપણા યુવાનો, દરેક વ્યક્તિએ આ ભાગીદારીમાં સક્રિય ભાગીદાર બનવું જોઈએ. દેશના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે તે ભારતની યુવા શક્તિને પ્રતિબિંબિત કરે છે અને સ્ટાર્ટઅપ વાતાવરણ હવે ફક્ત મોટા શહેરો સુધી મર્યાદિત

નથી રહ્યું પરંતુ અન્ય શહેરોમાં પણ વિસ્તર્યું છે.

પ્રધાનમંત્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ધરાવે છે. ભારતની સ્ટાર્ટઅપ વાર્તા હવે ફક્ત મોટા શહેરોની વાર્તા નથી રહી. આજે, માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સમાંથી લગભગ અડધા ટાયર-II અને ટાયર-III શહેરોમાં છે. પીએમ મોદીએ કહ્યું કે દેશ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત પ્રાપ્ત કરવાના ભવ્ય લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો છે.

તેમણે કહ્યું કે તમારા જેવા યુવાનોની આમાં મહત્વપૂર્ણ ભૂમિકા છે. સરકારની સેવા કરતી વખતે, તમારે દરેક નિર્ણય લેવો જોઈએ જે વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેના અભિયાનને સતત મજબૂત બનાવે. યુવાનો તરીકે, તમારી પાસે ખાસ જવાબદારી છે, ખાસ કરીને અન્ય યુવાનો પ્રત્યે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે નાગરિકોની સેવા કરવી એ જાહેર સેવાની મુખ્ય ભાવના હોવી જોઈએ. દેશભરમાં ૪૫ સ્થળોએ રોજગાર મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, નવા પસંદ કરાયેલા ઉમેદવારો કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં જોડાશે. આમાં મહેસૂલ વિભાગ, રેલ્વે મંત્રાલય, ગૃહ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવાઓ વિભાગ અને સંરક્ષણ મંત્રાલયનો સમાવેશ થાય છે. સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ રોજગાર મેળો યુવાનો માટે રોજગારની તકો ઊભી કરવા અને દેશની વિકાસ યાત્રામાં તેમની વધુ ભાગીદારી સુનિશ્ચિત કરવા પર સરકારના સતત ધ્યાનને પ્રતિબિંબિત કરે છે. નિવેદન અનુસાર, ૨૦મા રોજગાર મેળા સુધીમાં, વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં ૧૨.૭૫ લાખ યુવાનોને નિમણૂક પત્રો જારી કરવામાં આવ્યા છે.

ભારત-USની લશ્કરી કવાયત

AI-ડ્રોન અને ઇલેક્ટ્રોનિક યુદ્ધ પર કર્યું ધ્યાન કેન્દ્રિત

રાજકોટ, તા.૧૯

સંયુક્ત લશ્કરી કવાયત યુદ્ધ અભ્યાસ ૨૦૨૬ દરમિયાન ભારતીય અને અમેરિકન સેનાઓ આધુનિક યુદ્ધ અને નવી લશ્કરી ટેકનોલોજીના પડકારો પર પોતાના અનુભવો શેર કરી રહી છે. ઉત્તરાખંડના ઔલીમાં બંને દેશોની સેનાઓ વચ્ચે કમાન્ડ પોસ્ટ એક્સરસાઇઝ (CPX), નિષ્ણાત ચર્ચાઓ અને લશ્કરી ટેકનોલોજીનું આદાનપ્રદાન યોજાયું હતું. મલ્ટી-ડોમેન વોરફેર, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ડ્રોન, સાયબર ઓપરેશન્સ અને ઇલેક્ટ્રોનિક વોરફેર જેવા મુખ્ય વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. આનો ઉદ્દેશ્ય પડકારજનક લડાઈ પરિસ્થિતિઓમાં બંને સેનાઓ વચ્ચે વધુ સારા સંકલન અને સહિયારી સમજણ વિકસાવવાનો છે. ઔલીમાં યોજાયેલી નિષ્ણાત ચર્ચાઓમાં GPS વિક્ષેપ અથવા દુશ્મન ઇલેક્ટ્રોનિક વોરફેરનો સામનો કરવા માટે સૈનિકો કેવી રીતે કામગીરી ચાલુ રાખી શકે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વધુમાં, AI-સહાયિત ગુપ્તચર વિશ્લેષણ, કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ્સ

અને સાયબર ક્ષમતાઓના ઉપયોગ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

કવાયત દરમિયાન, બંને સેનાઓએ સંદેશાવ્યવહાર વિક્ષેપો, ડ્રોનનો ઉપયોગ વધતો જાય છે અને ઇલેક્ટ્રોનિક હુમલાઓ વચ્ચે અસરકારક રીતે લશ્કરી કામગીરી કેવી રીતે કરવી તે સમજવાનો પ્રયાસ કર્યો. ઔલીમાં, બંને સેનાઓના નિષ્ણાતો ઉચ્ચ-ઊંચાઈ અને અત્યંત ઠંડા હવામાન કામગીરીમાં પોતાના અનુભવો શેર કરી રહ્યા છે. આમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં સૈનિકોને તબીબી સહાય પૂરી પાડવી, લશ્કરી વિમાનો અને હેલિકોપ્ટરનો અસરકારક ઉપયોગ, અને મોર્ટાર અને સ્નાઈપર તૈનાતીનો સમાવેશ થાય છે. સાયબર ઓપરેશન્સ, મનોવૈજ્ઞાનિક ઓપરેશન્સ અને ઇલેક્ટ્રોનિક યુદ્ધ દ્વારા માહિતી આધારિત કામગીરી હાથ ધરવાની પદ્ધતિઓ પર પણ ચર્ચા ચાલી રહી છે. કમાન્ડ પોસ્ટ કસરત દરમિયાન, બંને દેશોના લશ્કરી કમાન્ડરો અને સ્ટાફ અધિકારીઓ સિમ્યુલેટેડ લડાઇ પરિસ્થિતિઓમાં સંયુક્ત આયોજન, નિર્ણય લેવા અને ઓપરેશનલ સંકલનનો અભ્યાસ કરી રહ્યા છે. આનો ઉદ્દેશ્ય પર્વતીય અને અર્ધ-પર્વતીય પ્રદેશમાં સંયુક્ત લશ્કરી કામગીરીનું આયોજન અને અમલ કરવામાં તેમની ક્ષમતાઓમાં સુધારો કરવાનો છે.

સંયુક્ત લશ્કરી કવાયત, યુદ્ધ અભ્યાસ ૨૦૨૬ ની ૨૨મી આવૃત્તિ, ૧૫ સપ્ટેમ્બરના રોજ ઉત્તરાખંડના ઔલી અને રાજસ્થાનના મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે શરૂ થઈ હતી. ભારતીય સેના અને યુએસ સેનાના ૬૦૦ સૈનિકો ભાગ લઈ રહ્યા છે. આ કવાયત પાયદળ આધારિત કામગીરી, સંકલિત યુદ્ધ જૂથો (IBGs), સંયુક્ત લશ્કરી ક્ષમતાઓ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂકે છે. વ્યૂહાત્મક રીતે, ઔલીમાં થઈ રહેલી ચર્ચાઓ ફક્ત લશ્કરી કવાયતો સુધી મર્યાદિત નથી. તેઓ બંને સેનાઓને પર્વતીય યુદ્ધ, ઇલેક્ટ્રોનિક યુદ્ધ, ડ્રોન અને કૃત્રિમ બુદ્ધિ જેવા ઉભરતા પડકારોનો સામનો કરવા માટે અનુભવો શેર કરવાની તક પૂરી પાડી રહ્યા છે. આનાથી સંકલન, લશ્કરી પ્રક્રિયાઓની સમજ અને વ્યાવસાયિક સહયોગને મજબૂત બનાવવામાં મદદ મળશે.

સાઉદી અરેબિયા પર હુમલા સહન નહીં થાય

હુથી બળવાખોરોને ભારતનો કડક સંદેશ, પાકિસ્તાને પણ કહ્યું - ખાડી દેશને બચાવવા માટે કોઈપણ હદ સુધી જશે

નવીદિલ્હી, તા. ૧૯

સાઉદી અરેબિયા પર હુથી બળવાખોરો દ્વારા તાજેતરના હુમલાઓથી વિશ્વભરના દેશો ચિંતામાં મુકાયા છે. હુથીઓએ ખામિસ મુશૈત, આભા અને તૈફ શહેરોને બેલિસ્ટિક મિસાઇલો અને ડ્રોનથી નિશાન બનાવ્યા હતા, જેમાં અનેક નાગરિકો ઘાયલ થયા હતા અને માળખાગત સુવિધાઓને નુકસાન થયું હતું. આ હુમલાઓ સાઉદી અરેબિયા માટે ચિંતાનું કારણ બન્યા છે. દરમિયાન, ભારતે આ હુમલાઓની નિંદા કરતા એક નિવેદન બહાર પાડ્યું છે અને સ્પષ્ટપણે જણાવ્યું છે કે તે અસ્વીકાર્ય છે. ભારતે સાઉદી અરેબિયા પર હુથી બળવાખોરોના હુમલાઓને અસ્વીકાર્ય ગણાવ્યા છે, જે પ્રાદેશિક સુરક્ષાને નબળી પાડે છે. તેણે એમ પણ કહ્યું છે કે આ હુમલાઓ મહત્વપૂર્ણ બાબ અલ-મંડેબ જળમાર્ગમાં શિપિંગ માટે ખતરો છે. ભારતે સાઉદી વાણિજ્યિક સંસ્થાઓ પરના

હુમલાઓ અને મક્કા શહેર પરના હુમલાના પ્રયાસની પણ નિંદા કરી છે.

ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત યમનમાં બગડતી સુરક્ષા પરિસ્થિતિથી ખૂબ ચિંતિત છે. તેમણે કહ્યું હતું કે તેઓ સાઉદી અરેબિયાના સાર્વભૌમ પ્રદેશો, ખાસ કરીને નાગરિકો અને વાણિજ્યિક સંસ્થાઓને નિશાન બનાવવા અને મક્કા શહેર પરના હુમલાના પ્રયાસની સખત નિંદા કરે છે. મીડિયા સાથે વાત કરતા, રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે આવા હુમલાઓ પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતાને નબળી પાડે છે, જે બાબ અલ-મંડેબમાં મુક્ત નેવિગેશન માટે ખતરો ઉભો કરે છે, જે અમારા માટે અસ્વીકાર્ય છે. તેમણે ઉમેર્યું હતું કે તેમને આશા છે કે આ ક્ષેત્રમાં ટૂંક સમયમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત થશે.

પાકિસ્તાને પણ આ હુમલાઓ અંગે એક નિવેદન જારી કર્યું હતું. એક વરિષ્ઠ પાકિસ્તાની લશ્કરી અધિકારીએ જણાવ્યું હતું કે ઇસ્લામાબાદ સાઉદી અરેબિયાનો બચાવ કરવા માટે કોઈપણ હદ સુધી જશે. તેમણે જણાવ્યું હતું કે ગલ્ફ રાષ્ટ્રની સુરક્ષા પ્રત્યે ઇસ્લામાબાદની પ્રતિબદ્ધતા બિનશરતી છે. પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન રાજદ્વારી અને શારીરિક રીતે સાઉદી અરેબિયાના રાજ્ય સાથે સંપૂર્ણ રીતે ઉભું છે. તેમણે ઉમેર્યું હતું કે તે કોઈપણ હદ સુધી જશે. પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ ગયા મહિને મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર હેઠળ, ત્રણેય દેશોમાંથી કોઈપણ પર કોઈપણ સશસ્ત્ર હુમલો બધા પર હુમલો માનવામાં આવે છે. આવી સ્થિતિમાં, પાકિસ્તાનનું નિવેદન ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

સાઉદી અરેબિયા અને યમનના હુતી બળવાખોરો વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. તાજેતરના દિવસોમાં, હુથી બળવાખોરોએ સાઉદી ઠેકાણાઓ પર હુમલો કર્યો છે અને લાલ સમુદ્રમાં વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ બાબ અલ-મંડેબ સ્ટ્રેટ પર નિયંત્રણ સ્થાપિત કર્યું છે. હુથીઓએ સાઉદી તેલ સ્થાપનો અને અન્ય મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ પર હુમલો કર્યો છે, જેનાથી પશ્ચિમ એશિયામાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. ભારતે સાઉદી અરેબિયા પર હુથી બળવાખોરોના હુમલાઓની નિંદા કરી છે અને તેમને અસ્વીકાર્ય ગણાવ્યા છે. પાકિસ્તાને કહ્યું છે કે સાઉદી અરેબિયાનો બચાવ કરવા માટે ઇસ્લામાબાદ કોઈપણ હદ સુધી જશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

માનસ અપરાધ (ભાગ ૪)

રામચરિત માનસનાં આધારે કેટલાક પાતક અને ઉપપાતક એટલે કે અપરાધ જોઇએ

માનસ અપરાધની ચોથા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે આપણે અપરાધ વિશે ચિંતન કરીએ છીએ, ત્યારે એનાથી ડરવાની જરૂર નથી! પણ સાવચેત રહી હવે અપરાધ થાય નહીં એમ જીવવાનું છે! જોડીયા બાળકો એકસરખા હોય છે, એક માના ગર્ભમાંથી જ નીકળ્યા હોય, થોડી મિનિટોનો ફેર હોય, છતાં બંનેમાં અંતર છે, એમ પાપ, અપરાધ, ભૂલ, ચૂક એ બધા પર્યાય જણાય પણ બધામાં અંતર છે.

મૂળત : ઈશ્વર કંઈ જ કરતાં નથી, વેદાંતે એક શબ્દ આપી દીધો છે કે, ઈશ્વર સાક્ષી છે, દ્રષ્ટા છે! પણ જગદીશ જ્યારે જગત બની જાય તો અપરાધ, પાપ, ક્ષમા એ બધું માત્ર જીવે શું કામ ભોગવવાનું? એવો એક પ્રશ્ન છે. જગદીશ જગત બની જાય તો એ માત્ર પાપ નથી કરતાં, એ પુણ્ય પણ કરે છે, એ દૃષ્ટિએ પણ જોવું રહ્યું. જેમ કે ઈશ્વર પાણી બને તો, ઈરધ નું સૂત્ર ઈશ્વરને લાગી ગયું, અને પહાડ બને તો પહાડની કઠોરતા અચલતાની ઉપાધિ એને લાગી ગઈ, પથ્થર બની ગયા તો પ્રહાર કરવાનો ગુણ સહજ થયો, પૃથ્વી બની ગયા તો શાનશીલ થવું અને ક્ષમા આપવી એ ગુણો સહજ થયા. સુરજ બન્યાં તો સૂરજનો તાપ અને એ દુરીની અવધિ લાગી ગઈ, કુલ બની ગયા તો મહેક આવશે. પાપ કરીએ તો પ્રાયશ્ચિતની વિધા બતાવી છે, પણ અપરાધ માટે એવી કોઈ વ્યવસ્થા બતાવી નથી! પણ સીધું સાદું જેમ ગંદાં થયાં હોઈએ તો ન્હાઈ લઈએ છીએ, એમ અપરાધ થયો હોય તો શુદ્ધ થવું! એટલે તીર્થમાં સ્નાન કરવા કાશી કે ગયા જવાની જરૂર નથી, આપણી શ્રદ્ધામાં જ સમ નગરી મોક્ષદાયિકા છે. કોઈ સંત કે સાધુનો થોડો સંગ મળી જાય તો શુદ્ધ થઈ જવાય છે! જે મુક્તિ કે મોક્ષ બરાબર છે.

પાતક અને ઉપપાતક પાતક એટલે પાપ અને ઉપપાતક એટલે અપરાધ! પણ ઉપપાતક વિશે વાત કરીએ એ પહેલાં માનસમાં ભરતજીને જ્યારે ખબર પડે છે કે, એની માતા કૈકેયીએ પોતાને રાજગાદી મળે, એ માટે પ્રભુ શ્રીરામને ૧૪ વર્ષનો વનવાસ આપ્યો! ત્યારે ભરતજી કૌશલ્યાનાં અંકમાં માથું રાખીને ખૂબ રડે છે, અને કહે છે કે, જો મેં મારી માતાને મારી માટે રાજ માંગવાનું કહ્યું હોય તો મને આટલાં આટલાં પાતક લાગે!

૧) પોતાની માતાની હત્યાનું જે પાપ હોય એ પાપ મને લાગે, એ અને એનાથી જે દુર્ગતિ થાય એ મને મળે.
૨) પિતાની હત્યાનું પાપ મને લાગે! અહીં હત્યા એટલે ફક્ત મારવું નહીં, અપમાન પણ હત્યા સમાન છે, અને નિર્દોષને ગાળો દેવી એ પણ હત્યા છે.
૩) ગુરુની હત્યાનું પાપ મને લાગે! અને મારી એવી દુર્ગતિ થાય.
૪) ગૌશાળા બાળવાનું પાપ !
૫) બ્રાહ્મણોનાં ગામ બાળી નાખવાનું પાપ.
૬) મહિસુર એટલે કે મંદિર બાળવાનું પાપ.
૭) કોઈ સ્ત્રીની હત્યાનું પાપ એટલે કે નારીનું અપમાન કે નારી નિંદક.
૮) બાળકની હત્યાનું પાપ, બાળકનો અનાદર, બાળકની ઉપેક્ષા.
૯) આપણાં મિત્ર કે આપણાં હિતેચ્છુને ઝેર આપવાનું જે પાપ લાગે એ મને લાગે.

ભરત કહે છે કે મારી માતાને કહ્યું હોય કે રામને વનવાસ અને મને રાજ મળે! તો આટલા પાપત નું પાપ અને એનાથી થતી દુર્ગતિ મને પ્રાપ્ત થાય!

પરાશર મુનિના મનમાં મત્સ્યગંધા માટે આસક્તિ પેદા થઈ, અને તેઓ એનો હાથ પકડે છે, નારી જાન્ય સંકોચ સાથે એણે મુનિનો સંગ કર્યો, અને એક પુત્રનો જન્મ થયો. મત્સ્યગંધા કહે છે મુનિ આપ તો ચાલ્યા જશો, આ પુત્રને હું ક્યાં રાખું? એટલામાં એક નૌકા દ્વીપ પાસે આવી, એમણે મત્સ્યગંધાને કહ્યું તું આ પુત્રને આ દ્વિપ પર ઉછેર, મોટો થવાને કારણે એનું નામ દ્વેપાયન વ્યાસ થશે! આ ઉપરાંત મુનિએ મત્સ્યગંધા ને અક્ષ્યુણ કન્યાપણાનું વરદાન આપ્યું, અને એનું નામ યોજનગંધા પડ્યું ! અને એનું જ બીજું નામ સત્યવતી, જેનાથી શાંતનુ આકર્ષિત થયા હતાં. અને સત્યવતિના પિતા એ પોતાની પુત્રીથી થતા કુંવરને જ રાજ્ય મળે, એ શરત સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું, એટલે એમના ગંગાપુત્ર દેવવ્રતે દાશરાજ ધીવર પાસે જઈને આજીવન કુંવારા રહેવાની ભીષ્મ પ્રતિજ્ઞા કરી હતી! પિતા શાંતનુ ને જ્યારે ખબર પડી ત્યારે, એમણે કહ્યું બેટા તે મારી ઈચ્છાપૂર્તિ કરવાં માટે આટલું મોટું બલિદાન આપ્યું? ત્યારે દેવવ્રતે કહ્યું કે પિતાજી આ કારણે હું સંયમી અને તપસ્વી રહી શકીશ. ગુણવંત ભાઈ શાહને યાદ કરતાં કહ્યું કે, જો દેવવ્રત રાજા થયો હોત તો, મહાભારતનું યુદ્ધ ન થયું હોત! ખ્યાલ સારો છે, બાકી આપણે સૌ નિયતિની મુઠ્ઠીમાં છીએ, નિયતિ કોઈને છોડતી નથી. એટલે પિતા પુત્રમાં કોનું પાતક કે ઉપપાતક એ અંતે તો નક્કી કરવું મુશ્કેલ છે.

પાતક એટલે પાપ અને ઉપપાતક એટલે કે અપરાધની જેવા પર્યાયવાચી કર્મની વાત કરીએ તો, કરમ વચન મન ભવ કવિ કહહી. આમ તો પાપ અને ઉપપાપનો જન્મ કર્મથી, વચનથી, મનથી થાય છે. કામને મનનો દીકરો કહ્યો છે, અને એટલે જ એને મનોજ કહેવામાં આવે છે. પહેલા માનવીનાં મનમાં પાતક કે ઉપપાતકનો જન્મ થાય છે. ઉપનિષદનું સૂત્ર છે, કે મારી વાણી મારા મનમાં સમાહિત થાય, અથવા મારું મન મારી વાણીમાં સમાહિત થાય એટલે કે મારા મનમાં જે છે એ, વાણી દ્વારા બહાર નીકળો. મન કે વાણીમાં રહેલું ઉપપાતક કર્મ માં પ્રવૃત્ત થવા લાગે, અને એની જે દુર્ગતિ વિધાતા એ લખી હોય, એ મને પ્રાપ્ત થાય, એવું ભરત કહે છે. હરિહર નાં ચરણનો આશ્રય અને એની ભક્તિ છોડીને, જે ભૂત પ્રેતની ઘોર સાધના કરે છે, એની દુર્ગતિ થાય એ મારી થાય, આમ ભરત કહે છે. સાધુ કે સંતનાં સંગમાં જેને રુચિ ન્હોય! અને એ ઉપપાતકની દુર્ગતિનું ફળ મને મળે ! ચતુરાઈ પાપ પ્રેરક છે , હોશિયારી પાપનું કારણ બની શકે! ભૂત પ્રેતની સાધના એટલે ચમત્કારો વાળી સાધના, અંધશ્રદ્ધા તંત્ર સાધનામાં પ્રવૃત્ત થાય એવી પતનની ગતિ મારી થાય. મેલી વિદ્યામાં ન જાવ, સદવિદ્યામાં પ્રવૃત્તિ રહો. આમ દુર્ગતિ દેનારા પાતક કોણ કોણ છે, તો તુલસી લખે છે, જે વેદને વેચશે, અને ધર્મનું શોષણ કરશે, જે બીજાના પાપોને જાહેર કરે છે, એટલે કે નિંદા કરે છે, પોતાના પાપ છુપાવે છે, અને એમની જે દુર્ગતિ થાય એવી મારી થાય. જે ગ્રંથનો પૂર્ણ ભાવે આશ્રય કરે છે, એને ગ્રંથ શું નથી આપતાં? પરંતુ ભરોસો હોવો જોઈએ. કપટી માણસની બુદ્ધિ બરાબર નથી હોતી! એ સૌ સાથે કંકાસ કલેશ કરે છે, અને એ દુર્ગતિનો માર્ગ છે. લોભીની દુર્ગતિ થાય, જેનાં આચરણમાં લુચ્ચાઈ છે, કપટ છે, એની દુર્ગતિ છે. જેની દ્રષ્ટિ પર પૈસા એટલે કે પારકા ધન ઉપર રહે છે, એ ઉપપાતક છે. પરનારી જોઈને જેની દ્રષ્ટિમાં વાંસના પ્રવેશ કરે છે, એ દુર્ગતિનું પ્રતિક છે, એ બધાની દુર્ગતિ થાય, એવી દુર્ગતિ મારી પણ થાય, જો મેં મારી માતાનાં નિર્ણયમાં સાથ આપ્યો હોય તો આમ ભરત કહે છે.

તુલસી કહે છે, જેમણે સાધુ સંગમાં પ્રીત નથી કરી, એ બધા અભાગી છે, એમણે અવસર ખોયો છે, સાધુનાં સંગથી અપરાધમાંથી મુક્તિ મળે છે, પરમાર્થનાં માર્ગથી જે વિરુદ્ધ છે, એ અપરાધ કરે છે. સ્વાર્થનાં માર્ગમાં સંલગ્ન થવું, અને પરમાર્થના માર્ગથી વિરુદ્ધ જવું એ સૌથી મોટો અપરાધ છે. મનુષ્ય શરીર મળ્યું છે, અને હરિ ભજન કર્યું નહીં, તો અપરાધ થઈ રહ્યો છે, પણ ચિંતા કરવાની જરૂર નથી, ભજવાનું શરૂ કરી દઈએ. આમ માનસ અપરાધ શબ્દના ચિંતન સાથે જ ચોથા દિવસની કથા પૂરી કરી.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

કોમ્પ્યુટર એન્જિનીયરીંગ એઆઇનો બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી આંધ્રપ્રદેશની વતની છાત્રા

મારવાડી કોલેજમાં દસમા માળેથી છાત્રાની મોતની છલાંગ

હોસ્ટેલમાં હતી ત્યારે પગલુ ભરી લીધુંઃ અચાનક જિંદગી ક્વીટ કરતાં સમગ્ર કેમ્પસમાં અરેરાટીઃ પોલીસે કારણ જાણવા શરૂ કરી તપાસ

રાજકોટ, તા.૧૯

શહેરના રાજકોટ-મોરબી હાઇવે પર આવેલી મારવાડી કોલેજમાં વધુ એક વખત ચર્ચા જગાવતી ઘટના બની હતી. આ વખતે એક વિદ્યાર્થીનીએ આ યુનિવર્સિટીની હોસ્ટેલના દસમા માળેથી મોતની છલાંગ લગાવી દીધી હતી. મુળ આંધ્રપ્રદેશની આ વિદ્યાર્થીનીએ શા માટે જિંદગીથી ક્વીટ કર્યુ? તેનો ભેદ ઉકેલવા પોલીસ કામે લાગી હતી. આ બનાવને પગલે સમગ્ર યુનિવર્સિટીમાં શોક વ્યાપી ગયો હતો. તો તેની સાથે અભ્યાસ કરતાં છાત્રા-છાત્રો પણ આઘાતમાં ગરક થઇ ગયા હતાં. કોમ્પ્યુટર એન્જિનીયરીંગ એઆઇનો અભ્યાસ કરતી આ છાત્રાએ ડિપ્રેશનમાં પગલુ ભર્યુ કે પછી અન્ય કોઇ કારણોસર કે અભ્યાસના ટેન્શનમાં? તે સહિતની તપાસ હાથ ધરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો મોરબી રોડ પર આવેલી મારવાડી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી અને ત્યાંની હોસ્ટેલમાં રહેતી આંધ્રપ્રદેશની એક વિદ્યાર્થીનીએ સવારે હોસ્ટેલના દસમા માળેથી કૂદી જઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આ બનાવને

પગલે સાથી વિદ્યાર્થીઓ અને સમગ્ર યુનિવર્સિટીમાં શોક છવાઇ ગયો હતો.

આ ઘટનાની વધુ માહિતી અનુસારરાજકોટ મોરબી હાઇવે પર આવેલી મારવાડી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી અને ત્યાંની હોસ્ટેલમાં રહેતી મુળ આંધ્રપ્રદેશની ઓગણીસ વર્ષની સૌબર્નીકા વ્યંકટેશ અલ્લા નામની છાત્રાએ સવારે સવા દસેક વાગ્યે મારવાડી યુનિવર્સિટીની હોસ્ટેલમાં એ-વિંગ૧૦મા માળે જઇ છલાંગ લગાવી દેતાં અવાજ થતાં બીજા છાત્રા-છાત્રો અને સિક્યુરીટી ગાર્ડ દોડી ગયા હતા. આ દરમિયાન કોઇએ ૧૦૮ બોલાવી હતી. ઘટનાની જાણ થતાં મારવાડી કોલેજના ડેપ્યુટી રજીસ્ટ્રાર વર્ગીસ નિધીશ સહિતના પહોંચી ગયા હતાં. આ દરમિયાન ૧૦૮ પણ આવી ગઇ હતી.

વર્ગિસ નિધીશના જણાવ્યા મુજબ અમે

તુરત જ ૧૦૮ મારતફ છાત્રાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાનું તબિબે જાહેર કર્યુ હતું. આ વિદ્યાર્થીની મુળ આંધ્રપ્રદેશની વતની હતી અને અહિ કોમ્પ્યુટર એન્જિનીયરીંગ એઆઇમાં અભ્યાસ કરતી હતી. તે એક વર્ષ પુરૂ કર્યા બાદ હાલમાં બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી હતી. સવારે સવા દસેક વાગ્યે તેણે હોસ્ટેલના દસમા માળેથી પડતું મુકી દીધુ હતું. આ ઘટનાને પગલે સમગ્ર યુનિવર્સિટીમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આત્મહત્યા કરનાર છાત્રા માતા-પિતાની એકની એક દિકરી હતી.

તેની કઝીન સીસ્ટર પણ અહિ જ રહીને ભણે છે. છાત્રાએ આ પગલુ કયા કારણોસર ભર્યુ? તે અંગે કઝીનને પણ ખબર નથી. ઘટનાની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને કરતાં ઇન્સપેકટર એ. એન. જાનીના માર્ગદર્શન હેઠળ વિશેષ તપાસ પીએસઆઇ આર. કે. સામુદ્રે સહિતની ટીમે હાથ ધરી છે. શરૂ પોલીસ છાત્રાના મોબાઇલ ફોન કોલ ડિટેઇલ સહિતને આધારે તપાસ કરશે તેમજ તેની સાથે અભ્યાસ કરતાં અન્ય છાત્રા-છાત્રો પાસેથી પણ માહિતી મેળવવા કાર્યવાહી કરશે. બનાવને પગલે હોસ્પિટલ પોસ્ટમોર્ટમ રૂમ ખાતે સાથે અભ્યાસ કરતાં છાત્રો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતાં. ડે. રજીસ્ટ્રાર વર્ગીશ નીધીશ પણ અહિ પહોંચ્યા હતાં. સૌબાર્નિકા ઘટના પહેલા ફોનમાં વાત કરી રહી હોવાની ચર્ચાને પગલે પોલીસે આ અંગે ખરાઇ કરવા તપાસ હાથ ધરી હતી. આ બનાવને પગલે સમગ્ર યુનિવર્સિટી કેમ્પસમાં શોક છવાઇ ગયો હતો.

હોંશિયાર છાત્રની વિદાયથી સંકુલમાં શોક

કુવાડવા પોલીસ મથકના પી.એસ.આઈ. મકવાણાએ જણાવ્યું હતું કે પરીક્ષા પૂરી થતાં વિદ્યાર્થીઓ રિલેક્સ મુડમાં હતા અને આરામ કરી રહ્યા હતા, ત્યારે યુવતીએ ૧૦મા માળે પોતાના રૂમમાંથી દોડીને ગેલેરીની ઊંચી દીવાલ કૂદી આપઘાત કર્યો હતો. પોલીસે તેનો ફોન બેડ પરથી કબજે કર્યો છે. ફોન પર વાત કરતા કૂદી હોવની વાતને પોલીસે ગેરસમજ ગણાવી હતી. કોલેજના પ્રોફેસરોના કહેવા મુજબ, મૃતક યુવતી ભણવામાં ખૂબ હોશિયાર હતી અને તેના પર ભણતરનો કોઈ જ માનસિક ભાર ન હતો. શુક્રવારે જ તેણે મારવાડી યુનિવર્સિટીના ગણેશ મહોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેણીના સહાધ્યાયી વિદ્યાર્થીઓની પૂછપરછ હાથ ધરવામાં આવી છે, અને પ્રાથમિક તપાસમાં આપઘાતનું ચોક્કસ કારણ હજુ અકળ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જૂગારના શોખીનો હજુ પણ થાક્યા નથી

જૂગારના બે દરોડામાં આઠ મહિલા સહિત અગીયાર પકડાયા

રાજકોટ, તા.૧૯

જૂગારના શોખીનો હજુ પણ થાક્યા નથી. શહેરમાં જુગાર અંગે વધુ બે સ્થળે દરોડા પાડી પોલીસે આઠ મહિલા સહિત ૧૧ને ઝડપી લીધા હતા, પ્ર.નગર પોલીસે રેલનગર અને આજીડેમ પોલીસે સાગરનગર માં દરોડા પાડી કાર્યવાહી કરી હતી. પ્ર.નગર પીએસઆઇ એસ. ડી. કોઠીવાર, કોન્સ્ટેબલ પ્રતાપભાઇ વદર સહિતના સ્ટાફે રેલનગરમાં હરીદ્વારા સોસાયટી શેરી નં. ૧માં મનહરી એકલવ્ય એપાર્ટમેન્ટમા. ફલેટ નં. ૧૦૩માં રહેતા જયોતીબેન જીજ્ઞેશભાઇ પંડયાના ફલેટમાંથી જુગાર રમતા જયોતિબેન ઉપરાંત શ્વાતીબેન જસવંતભાઇ દુધરેજીયા (રહે. મનહર એકલવ્ય એપાર્ટમેન્ટ), જયશ્રીબેન સુનીલભાઇ રાણપરા (રહે. બજરંગવાડી શેરી નં. ૪૩), માયાબેન

જીતેન્દ્રસિંહ સોલંકી (રહે. હરીદ્વારા સોસાયટી), આશાબેન પરેશભાઇ રૂપારેલ (રહે. શુભ આશીષ વિલા એપાર્ટમેન્ટ, રેલનગર), ઇલાબેન કિશોરભાઇ પંડયા (રહે. મનહરી એકલવ્ય એપાર્ટમેન્ટ) દેવકુવરબા મેરૂભા ગોહિલ (રહે.અમૃત સરીયાતા સોસાયટી, રેલનગર) અને જયશ્રીબેન દયુભાઇ રાજાઇ (ઉ.વ. ૫૬, રહે. માં કોમ્પલેક્ષ સોસાયટી, રેલનગર)ને રૂા.૧૮,૯૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

બીજા દરોડામાં આજીડેમ પોલીસના હેડ કોન્સ્ટેબલ એસ. યુ. મિયાત્રા, કોન્સ્ટેબલ સાવનભાઇ સાંગાણી સહિતના સ્ટાફે સાગરનગર મેઇન રોડ પર ચાની દુકાન પાસે જાહેરમાં જુગાર રમતા રણજીત ધીરૂભાઇ ધામેચા (રહે. હરસિધ્ધી સોસાયટી, મોરબી રોડ), ભરત રૈયાભાઇ ફાંગલીયા (રહે. મચ્છાનગર, માર્કેટીંગ યાર્ડની પાછળ) અને દશરથ અમૃતભાઇ વઢીયારા (સાગરનગર, માર્કેટીંગયાર્ડ પાસે)ને રૂા. ૧૧,૪૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

ટાયરના વેપારી સાથે બાબરાના શખ્સની નવ લાખની ઠગાઇ

બાબરાના શખ્સે ૩૩.૪૭ લાખના ટાયર ખરીદી ૯ લાખ ન ચૂકવ્યા નોટરી કરાર છતાં રકમ ન આપતા બી-ડિવિઝનમાં નોંધાઇ ફરિયાદ

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરના કુવાડવા રોડ પર જૂના ટાયરનો વેપાર કરતા એક વેપારી સાથે અમરેલી જિલ્લાના બાબરાના શખ્સે રૂપિયા ૯ લાખની છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે. ટાયરની લે-વેચમાં લાખો રૂપિયા બાકી રાખ્યા બાદ આરોપીએ સમાધાન રૂપે નક્કી થયેલા ૯ લાખ રૂપિયા ન ચૂકવીને વિશ્વાસઘાત કરતા આખરે બી-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

રાજકોટના મોરબી રોડ, નવા સેટેલાઇટ રોડ પર આવેલા શ્રી રામ પાર્કમાં રહેતા ૪૦ વર્ષીય ભારતભાઇ રાજેન્દ્રકુમાર વર્માએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ કુવાડવા રોડ પર ભારત પેટ્રોલ પંપની સામે 'દિપક ટાયર' નામની જૂના ટાયર લે-વેચની દુકાન છેલ્લા ૧૪ વર્ષથી ચલાવે છે. આજથી સાત વર્ષ પહેલાં અમરેલી જિલ્લાના બાબરા ખાતે રહેતો પરેશ ઉર્ફે લાલા સરવૈયા નામનો શખ્સ તેમની દુકાને આવ્યો હતો અને બાબરામાં પોતાની ટાયરની દુકાન હોવાનું કહીને જૂના ટાયર ખરીદ્યા હતા. ત્યારબાદ તે અવારનવાર ટાયરની ખરીદી કરતો હોવાથી જૂનો ગ્રાહક બની ગયો હતો, જેથી વેપારી ભારતભાઇ તેના રૂપિયા બાકી પણ રાખતા હતા.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપી પરેશએ તારીખ ૧૧ ઓગસ્ટ ૨૦૨૩ થી ૦૫ એપ્રિલ ૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન ટુકડે-ટુકડે કુલ ૪,૭૮૭ જેટલા ટાયર ખરીદ્યા હતા, જેની કુલ કિંમત રૂપિયા ૩૩,૪૭,૦૦૦ થવા જાય છે. આ રકમ સામે પરેશભાઇએ રોકડા, આંગડિયા અને ગુગલ-પે મારફતે કુલ રૂપિયા ૧૬,૫૦,૦૦૦ પરત ચૂકવ્યા હતા, જેથી રૂપિયા ૧૬,૯૭,૦૦૦ લેવાના બાકી નીકળતા હતા. ત્યારબાદ આરોપીએ ૨૬૦ ખરાબ ટાયર

પરત કાઢતા, તેના પ્રતિ ટાયર રૂપિયા ૭૫૦ લેખે કુલ ૧,૯૫,૦૦૦ બાદ કરીને બાકીની રકમ રૂપિયા ૧૫,૦૨,૦૦૦ લેવાના નીકળતા હતા.

વેપારીએ બાકી નીકળતા રૂપિયા ૧૫,૦૨,૦૦૦ ની વારંવાર ઉઘરાણી કરવા છતાં પરેશએ રકમ આપી ન હતી. જેથી ગત ૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ભારતભાઈ બાબરા ગયા હતા અને ત્યાં બન્ને પક્ષો વચ્ચે સમાધાન થયું હતું. આ સમાધાનમાં નક્કી થયું હતું કે પરેશ ટાયરની મૂળ રકમ પેટે રૂપિયા ૯,૫૦,૦૦૦ છ મહિનામાં ચૂકવી આપશે. આ અંગે વકીલ મારફતે નોટરી લખાણ પણ કરવામાં આવ્યું હતું. તે સમયે આરોપીએ રૂપિયા ૫૦,૦૦૦ ગુગલ-પે મારફતે ચૂકવી આપ્યા હતા અને બાકીના ૯ લાખ રૂપિયા છ હપ્તામાં ચૂકવવાનો વાયદો કર્યો હતો.

જોકે, છ મહિનાનો સમય વીતી જવા છતાં પરેશભાઈએ બાકીના ૯ લાખ રૂપિયા ચૂકવ્યા ન હતા અને ખરાબ ઈરાદાથી રૂપિયા ન આપીને વિશ્વાસઘાત કર્યો હતો. અંતે ભારતભાઈએ બી-ડિવિઝન પોલીસમાં બાબરાના પરેશ ઉર્ફે લાલા સરવૈયા વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો છે. આ અંગે વધુ તપાસ બી-ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ અનીલસિંહ હરદેવસિંહ ગોહીલએ હાથ ધરી છે.

મટુકી પાછળના ઘરમાં થયેલી રહસ્યમય હત્યાનો અંતે પોલીસે ભેદ ઉકેલ્યો

લોનના હપ્તા ઉતારવા બે ભાઇએ નિર્દોષની હત્યા કરી'તી

આગ્રાના બે ભાઇઓ મધરાતે ઘરમાં ઘુસ્યાઃ ગીતાબેન જાગી જતાં નાણા માંગ્યાઃ ન આપતાં છરીથી પતાવી ચાલીસ હજાર લૂંટી લીધા હતાંઃ ક્રાઇમ બ્રાંચે ભેદ ઉકેલ્યોઃ લોહીવાળા કપડા અગાસીએ સળગાવી નિરાંતે સુઇ ગયા હતાંઃ પોલીસ તપાસમાં પણ ઘટના સ્થળે સતત સાથે રહ્યા હતાં

રાજકોટ તા. ૧૯

અમુક શખ્સો એટલી હદે ખોફનાક હોય છે કે તે પોતાના સ્વાર્થ માટે નિર્દોષના જીવ લેતાં પણ અચકાતા હોતા નથી. આવી જ ઘટનાનો પર્દાફાશ થયો છે. શહેરના કાલાવડ રોડ પર મટુકી રેસ્ટોરન્ટ પાછળ બાપા સિતારામનગરમાં રહેતાં બ્યુટી પાર્લરના સંચાલીકા ગીતાબેન કિશોરભાઇ વાજાની ક્રુર હત્યાનો ભેદ અંતે ક્રાઇમ બ્રાંચે ઉકેલી નાંખ્યો હતો. મહિલાના ઘરની એક જ દિવાલે પાછળ જ રહેતાં મુળ આગ્રાના બે સગા ભાઇઓને ઝડપી લીધા છે. હત્યા બાદ તેણે ચાલીસ હજારની લૂંટ કરી હતી. કેટરીંગનો ધંધો કરવા વતનમાં સરપંચ પાસેથી બે લાખની લોન લીધી હોઇ તેના હપ્તા ચડી ગયા હોઇ આ કારણે ગીતાબેન કે જે તેના ઘરની બરાબર પાછળ રહેતાં હોઇ તેની હત્યા કરી રોકડ લૂંટી હોવાનો પર્દાફાશ થયો હતો.

શહેરભરમાં ચકચાર જગાવનારી હત્યાની આ ઘટનામાં યુનિવર્સિટી પોલીસે હત્યાનો ભોગ બનેલા ગીતાબેનના પતિ કિશોરભાઇ રવજીભાઇ વાજા-વાળંદની ફરિયાદ પરથી અજાણ્યા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. કિશોરભાઇ અને તેનો દિકરો આશિષ અલગ સલૂન-દૂકાનમાં રહે છે. જ્યારે ગીતાબેન એકલા રહેતાં હતાં. તેનો એક દિકરો જીતુ વડોદરા રહે છે. આશિષ હત્યાની આગલી રાતે માતા ગીતાબેન પાસેથી ટીફીન લઇ ગયો હતો. બીજી સવારે ખાલી ટીફીન દેવા ઘરે આવ્યો ત્યારે માતાની હત્યા કરાયેલી લાશ મળી હતી. યુનિવર્સિટી પોલીસની સાથે એલસીબી ઝોન-૨

અને ક્રાઇમ બ્રાંચની ટીમો કામે લાગ્યા હતાં. આ દરમિયાન ક્રાઇમ બ્રાંચે માહિતીને આધારે હત્યાનો ભોગ બનેલા ગીતાબેનના ઘરની પાછળ એક જ દિવાલે રહેતાં યુપી આગ્રાના બે સગા ભાઇઓ રામનરેશ હસમુખ જાટવ અને સની હસમુખ જાટવને સકંજામાં લઇ વિસ્તૃત પુછતાછ કરી હતી.

પહેલા તો તેણે પોતે અજાણ છે અને ગીતાબેન તો પાછળના ઘરમાં જ રહેતાં હોઇ પાડાશી હતાં, અમે કંઇ જાણતાં નથી એવુ રટણ ચાલુ રાખ્યું હતું. પરંતુ પોલીસને પાક્કી માહિતી મળી હતી કે આ બંને કંઇક છુપાવી રહ્યા છે. આને આધારે વિશીષ્ટ ઢબની તપાસ યથાવત રાખતાં અંતે બંને ભાઇઓએ લૂંટ હત્યાની કબુલાત આપી હતી. એકાદ મહિના પહેલા જ આ બંને યુપી આગ્રાથી અહિ કેટરીંગનું કામ કરવા માટે આવ્યા છે. તેણે પોતાના ગામના સરપંચ પાસેથી કેટરીંગના ધંધા માટે બે લાખની લોન લીધી હોઇ તેના હપ્તા ચડત થઇ ગયા હોઇ રૂપિયાની જરૂર હતી. આથી તેણે પાછળના ઘરમાં જ રહેતાં ગીતાબેન વાંજાને ત્યાં ચોરી કે લૂંટ કરવાનો પ્લાન ઘડ્યો હતો. આ બંને વંડી ઠેકે તો સીધા જ ગીતાબેનના નવેળામાં ઉતરે શકે એ રીતે મકાન છે. ગીતાબેન એકલા જ રહે છે એ જાણતાં હોઇ આ ઘરમાં ચોરી-લૂંટ સરળતાથી થઇ શકે તેવુ લાગતાં સત્તરમીની રાતે ત્રાટક્યા હતાં.

અવાજ થતાં ગીતાબેન જાગી જતાં તેની પાસે રૂપિયા માંગ્યા હતાં. પણ ન દેતાં કેટરીંગના કામમાં શાકભાજી સુધારવામાં વપરાતી મોટી ચોરસ છરીથી હુમલો કરી ગળા સહિતના ભાગે ઘા ઝીંકી હત્યા

કરી હતી અને ઘરમાં પડેલા રોકડા ૪૦ હજાર લૂંટી લીધા હતાં. હત્યા બાદ બંને નિરાતે પોતાના ઘરમાં જતાં રહ્યા હતાં અને કપડા પર લોહી ઉડ્યું હોઇ આ કપડા પોતે રહે છે એ ઘરની અગાસી પર સળગાવી દીધા હતાં. હત્યામાં વપરાયેલી છરી છુટપાવી દીધી હોઇ તે પણ પોલીસે શોધી કાઢી હતી. બે ભાઇઓ પૈકી રામનરેશ અગાઉ ચોરી-ચપાટી-પોક્સો જેવા ગુનામાં યુપીમાં પકડાઇ ચુક્યો હતો. બંને હત્યા કરી ભાગી જાય તો પોલીસ શંકા કરે અને પીછો કરે એવી ખબર હોઇ જેથી પોતે આમાં સામેલ નથી એવુ દેખાડવા પોલીસ કાર્યવાહી માટે આવી ત્યારે સતત પોલીસની સામે જ હાજર રહ્યા હતાં.

તેમજ આ ઘરની પાછળ જ પોતે રહે છે એ સહિતની વિગતો પોલીસને જણાવી હતી. જો કે બાદમાં પોલીસને અમુક શંકાસ્પદ ગતીવિધી નજરે ચડી હોઇ આ બંને ભાઇઓને ઉઠાવી લઇ આકરી પુછતાછ કરતાં હત્યા કબુલી લીધી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની રાહબરીમાં પીઆઇ એ. એસ. ચાવડા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવ તથા પીએસઆઇ ડી.પી. ઝાલા, એ. એન. પરમાર, વી. ડી. ડોડીયા, વી.ડી. રાવલીયા, એસ. એમ. રાણા, એએસઆઇ યશવંતભાઇ ભગત, વિજયરાજસિંહ જાડેજા, મહેશભાઇ સોલંકી, દિગપાલસિંહ જાડેજા, અમિતભાઇ અગ્રાવત, ભાવેશભાઇ પરમાર, સમીરભાઇ શેખ, સંજયભાઇ દાફડાએ આ કામગીરી કરી હતી.

તેમની સાથે સાથે હેડકોન્સ. જયદેવસિંહ પરમાર, હરસુખભાઇ સબાડ, કૃષ્ણદેવસિંહ ઝાલા, અનુજભાઇ ડાંગર, મોહીલરાજસિંહ ગોહિલ, અર્જુનભાઇ ડવ, રાહુલભાઇ ગોહેલ, રાજેશભાઇ જળુ, સાગરભાઇ માવદીયા, મુકેશભાઇ સબાડ, તુલસીભાઇ ચુડાસમા, અમિતભાઇ ટુંડીયા, કરણભાઇ કોઠીવાળ, સંજયભાઇ અલગોતર, દિપકભાઇ ચૌહાણ, ભાનુશંકારભાઇ ધાંધલા, દિપકભાઇ ડાંગર, ધારાભાઇ વાનરીયા, રાજદિપભાઇ પટગીર, લાલજીભાઇ હાગડરડા, યજુર્વેન્દ્રસિંહ જાડેજા, સુભાષભાઇ ઘોઘારી, ગોપાલભાઇ બોળીયા, જયરાજભાઇ કોટીલા, કોન્સ. મહાવીરસિંહ જાડેજા, કિશનભાઇ પાંભર, સંજયભાઇ ખાખરીયા, જીલુભાઇ ગરચર, નિકુંજભાઇ મારવીયા, અરવિંદભાઇ ફતેપરા, ધર્મેશભાઇ ખાડેખા, ટ્રાફિકભાઇ જુણાચ, ધર્મેન્દ્રસિંહ રાણા, મયુરધ્વજસિંહ જાડેજા, રાજેશભાઇ રંગાણી, ગોપાલભાઇ પાટીલ, પૃથ્વીરાજસિંહ ચૌહાણ, પોપટભાઇ ગમારા, મનીષભાઇ ચાવડા, અશ્વીનભાઇ પંપાણીયા તેમજ એલસીબી ઝોન-૨ના પીએસઆઇ એસ. વી. ચુડાસમા તથા તેમની ટીમ અને યુનિવર્સિટી પોલીસના પીઆઇ કે. કે. ગોહિલ, પીએસઆઇ એસ. એન. સ્પોરા અને તેમની ટીમોએ પણ મહત્વનો ભાગ ભજવ્યો હતો. આમ અટપટો જણાતો કેસ અંતે ઉકેલાઇ ગયો હતો.

છેતરપીંડીના બે નવતર કિસ્સામાં બે મહિલાને ગઠીયાઓએ લગાવ્યો ચૂનો

કોન્ફરન્સ કોલમાં પતિનો અવાજ કાઢી છેતરપીંડી

ગઠીયાએ બેંકના કેવાયસી અપડેટના નામે ફોન કરી સાથે મહિલાના પતિના અવાજમાં વાત કરાવીઃ બીજી તરફ રોકાણ પર નફો લેવા જતાં મહિલા સાથે થઇ ગઇ છેતરપીંડી : બીજા બનાવમાં નર્સ સાથે ગેસ બીલ અપડેટના નામે એપીકે ફાઇલ મોકલી છેતરપીંડી

રાજકોટ, તા. ૧૯

સાયબર ફ્રોડના જુના નવા તુક્કાઓનો ઉપયોગ કરી લોકોને છેતરવાનું યથાવત રખાયું છે. વધુ બે મહિલા સાથે સાયબર ફ્રોડ થયું હતું. જેમાં એક મહિલા સાથે તો ગઠીયાએ તેના પતિના અવાજમાં વાત કરી હતી અને રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતાં. આ મહિલાને બેંકના કેવાયસી અપડેટ કરાવવાના નામે ગઠીયાએ ફોન કરી કોન્ફરન્સ કોલમાં તેના પતિને પણ સામેલ કર્યા હતાં. જો કે ઠગાઇ થઇ ગયા બાદ મહિલાને ખબર પડી હતી કે કોન્ફરન્સ કોલમાં જોડાયા તે તેના પતિ નહોતા પણ ગઠીયો હતો. પતિના અવાજમાં ગઠીયાએ વાત કરી ઠગાઇ કરી હતી. બીજી તરફ રોકાણના નામે મહિલાને ચૂનો લગાવી દેવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો વડોદરામાં ઓનલાઈન ઠગાઈના બે બનાવોમાં બે મહિલાઓએ કુલ રૂ. ૩.૬૩ લાખ ગુમાવ્યા હતાં. પહેલી ઠગાઇ જોઇએ તો ઠગાઇ જોઇએ તો ન્યુ સમા રોડ પર ચાણક્ય પુરી નજીક રહેતા મથુરબેન ચૌધરીએ પોલીસને કહ્યું છે કે ઇન્ડિયન ઓવરસિઝ બેન્કના નામે ફોન આવ્યો હતો અને એક મહિના પહેલાં કેવાયસી માટે કહ્યું હતુ છતાં કેમ કરાવ્યું નથી તેમ કહી આજે નહિ કરાવો તો છ વર્ષ માટે બેન્ક ખાતું સીઝ થઇ જશે તેમ કહ્યું હતું. ફોન કરનારે આ માટે રૂપિયા એક લાખ ભરવા પડશે તેમ કહેતાં મેં મારા પતિને પૂછીને કહીશ તેમ કહ્યું હતું.ઠગે ફોન ચાલુ રખાવી મારા પતિ સાથે કોન્ફરન્સ પર વાત કરાવી હતી. હકીકતમાં મારા પતિ જેવા અવાજમાં કોઇ ત્રાહિત વ્યક્તિએ વાત કરી હતી.મારા ખાતામાં વધુ રકમ નહિ હોવાથી મેં મારી બહેનપણી મારફતે કુલ રૂપિયા સિત્તેર હજારનું પેમેન્ટ કર્યું હતું.જ્યારે બાકીના ત્રીસ હજારની વ્યવસ્થા થઇ નહતી. ત્યારપછી મને હજી મારી રકમ પરત મળી નથી. જેથી તપાસ કરતાં મારી સાથે ફ્રોડ થયો હોવાનું જણાઇ આવ્યું હતું.

બીજા બનાવમાં વાઘોડિયા રોડ પર રીટાબેન ચોકસીએ એકડી પેમાં રૂ. ૮.૫૧ લાખનું રોકાણ કર્યું, પણ રૂ. ૨.૯૩ લાખ પાછા ન મળ્યા.

ન્યુ સમા રોડ પર મથુરબેન ચૌધરીને કેવાયસી અપડેટના નામે રૂ. ૭૦,૦૦૦ની છેતરપિંડી થઈ હતી. રાજ્યમાં ઓનલાઇન ઠગાઇના બનાવોનો રાફડો ફાટયો છે અને જુદી જુદી રીતે ઠગાઇ કરવાના બનાવો પોલીસ ચોપડે નોંધાઇ રહ્યા છે. આ પ્રકારના વધુ બે બનાવમાં બે મહિલાએ કુલ ૩.૬૩ લાખ જેટલી રકમ ગુમાવી હતી. વાઘોડિયારોડ પર રેવાપાર્ક ગાર્ડન પાસે રહેતા રિટાબેન ચોકસીએ પોલીસને કહ્યું છે કે મારા ભાઇએ તેના મિત્ર મારફતે મળેલી માહિતી મુજબ મને એસડી પે માં રોકાણ કરવાની સલાહ આપી હતી.

ઓનલાઇન તપાસ કરતાં મહેસાણાનો ધવલ પટેલ તેનો ઓનર હોવાનું જાણવા મળ્યું હતું.આ કંપનીની સ્કીમમાં કેશબેક અને સારોનફો મળે તેમ લાગતાં કુલ રૂપિયા ૮.૫૧ લાખ જેટલી રકમ ભરી હતી.જેની સામે મને માત્ર રૂપિયા ૫.૨૨ લાખ જેટલી રકમ પરત મળી હતી. મારું બેલેન્સ ૪.૫૭ લાખ દેખાતું હતું. પરંતુ મારી મૂડીના બાકી ૨.૯૩લાખ હજી મળ્યા નથી.

બીજી તરફ ગેસ બીલ અપડેટના નામે વધુ એક ઠગાઇ થઇ હતી. જેમાં સાયબર ગઠિયાઓ હવે માત્ર બેંક કે કુરિયર જ નહીં, પરંતુ ગેસ બિલ અપડેટ કરવાના બહાને પણ મોબાઇલમાં એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવી બેંક ખાતાં ખાલી કરી રહ્યા છે. શાહીબાગમાં સિવિલ હોસ્પિટલની સ્ટાફ નર્સને 'અદાણી ગેસ બિલ અપડેટ' કરવાના બહાને ઠગાઈનો શિકાર બનાવવામાં આવી હતી. ગઠિયાએ વોટ્સએપ પર ફાઇલ મોકલી માત્ર રૂ.૧૩નું પેમેન્ટ કરવાનું કહી યુવતી પાસેથી એટીએમ કાર્ડની વિગતો મેળવી હતી. ત્યારબાદ તેના મોબાઇલનો ગેરકાયદે કાબૂ મેળવી બે બેંક ખાતાંમાંથી કુલ રૂ.૧.૩૨ લાખ ઉપાડી લીધા હતા.

વધુ માહિતી અનુસાર શાહીબાગના સિવિલ સ્ટાફ ક્વાર્ટર્સમાં રહેતાં અને સિવિલ હોસ્પિટલના ૧૨૦૦ બેડના ન્યૂરોસર્જન વિભાગમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતાં ૨૮ વર્ષીય ભક્તિબેન રાવળને ૧૩ સપ્ટેમ્બરે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે અદાણી ગેસનો બિલ અપડેટ અધિકારી 'શ્રીકાંત મિશ્રા' હોવાનું કહી ગેસ કનેક્શન અપડેટ કરવા માટે વોટ્સએપ પર ફાઇલ મોકલી હતી. ભક્તિબેને ફાઇલ ખોલી રૂ.૧૩નું પેમેન્ટ કરવા એક્સિસ બેંકના એટીએમ કાર્ડની વિગતો અને પિન નાખ્યો હતો. પેમેન્ટ ન થતાં ગઠિયાએ ટેકનિકલ એરરનું બહાનું કરી ફોન કાપી દીધો હતો. જોકે, ત્યાં સુધીમાં એપીકે ફાઇલ મારફતે મોબાઇલનો કાબૂ મેળવી લેવાયો હોવાનું સામે આવ્યું હતું.

આ પછી થોડી જ વારમાં એક્સિસ બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે રૂ.૧.૨૭ લાખ અને બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.૫ હજાર ઉપાડી લેવાયા હતા. છેતરપિંડીનો ખ્યાલ આવતાં ભક્તિબેને તાત્કાલિક ૧૯૩૦ પર જાણ કરી હતી. શાહીબાગ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

છરી બતાવી ખોટી વાતો કરી યુવાન અને વૃધ્ધને લૂંટ્યાઃ આરોપી ઝડપાયો

આજીડેમ પોલીસે બે લૂંટના ગુના ઉકેલી નાંખ્યા

રાજકોટ તા. ૧૯

શહેરના આજીડેમ પોલીસની હદમાં લૂંટના બે ગુના આચરનારા શખ્સને આજીડેમ પોલીસે દબોચી લીધો હતો. જંગલેશ્વર મેઇન રોડ પર રહેતા અને ૩૩ વર્ષીય બિહારી યુવક રમેશકુમાર ચંદ્રદેવભાઈ કુશવાહ નામનો તેત્રીસ વર્ષનો યુવાન પોતાનું બાઇક લઈને જઈ રહ્યા હતા. તે દરમિયાન સોલવન્ટ ફાટકથી કોઠારીયા રોડ પર આવેલા ખેતલાઆપા ટી-સ્ટોલ પાસે એક સ્કૂટર ચાલકે તેમને અટકાવ્યા હતા. આરોપીએ અમારી ફેક્ટરીમાંથી એક બિહારી પૈસા લઈને ભાગી ગયો છે તેવું બહાનું ધરી આધાર કાર્ડ માંગ્યું હતું અને છરી બતાવી ડરાવી-ધમકાવી રૂ. ૨૫૦૦ રોકડા લૂંટી લીધા હતા.

બીજા બનાવમાં કોઠારીયા રોડ કેદારનાથના ગેઇટ નજીક ગોવિંદનગરમાં રહેતા સાંઇઠ વર્ષના રાજેશપરી સેવાપરી ગોસ્વામી ગામડે જવા માટે માલધારી ફાટક પાસે બસની રાહ જોઈને ભા હતા. ત્યારે પણ સમાન શખ્સે આવીને તું મારી સાથે કારખાનામાં કામ કરતો હતો અને પૈસા લઈ ભાગી ગયો હતો તેવુ બહાનું બતાવ્યું હતું. બાદમાં આધાર કાર્ડ માંગી ચાલ તારી પાસે જેટલા પૈસા હોય તે આપી દે નહિતર છરીના ઘા મારી દઇશ કહી ડરાવી ધમકાવી રૂ. ૧૫૦૦ લૂંટી લીધા હતા.આ બંને ગુના આજીડેમ પોલીસ સ્ટેશનમાં દાખલ થતાં પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં પીએસઆઇ વી.જી. ડોડીયા અને ટીમે તપાસ હાથ ધરી હતી.

બાતમીપરથી આરોપી મહેન્દ્રસિંહ રમેશસિંહ ચાવડા (ઉ.વ.૩૩-રહે. નાના મવા રોડ)ને ઝડપી લઇ આકરી પુછતાછ હાથ ધરી છે. બંને બનાવમાં લૂંટારૂની કામ કરવાની પદ્ધતિ એક જ સરખી હોવાથી આજીડેમ પોલીસે આ બાબતને ગંભીરતાથી લઈને સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આ સઘન સંકલન અને તપાસના પરિણામે બંને ગુના આચરનાર મુખ્ય આરોપી આખરે પોલીસના હાથમાં આવી જતાં વિશેષ પુછતાછ હાથ ધરવામાં આવી હતી. આ શખ્સની વિશેષ તપાસ યથાવત રખાઇ હતી.

શહેરમાં દારૂની સાથે સાથે માકદ પદાર્થના વધી ગયેલા બંધાણીઓ વચ્ચે વધુ એક વખત એસઓજીએ કર્યો પર્દાફાશ

પાન-ફાકી સાથે ગાંજો પણ વેંચાતો'તો!

નવાગામના પાનની કેબીનવાળાને એસઓજીએ છપ્પન હજારના ગાંજા સાથે દબોચ્યો ચોટીલા તરફથી લાવ્યાનું રટણઃ રિમાન્ડ મેળવવા અને મુખ્ય સપ્લાયરને શોધવા તપાસ

રાજકોટ તા. ૧૯

શહેરમાં દારૂના બંધાણીઓની જેમ માદક પદાર્થના બંધાણીઓ પણ વધી ગયા છે. આક ારણે સતત આવા પદાર્થોની હેરાફેરી અને વેંચાણ પેડલર્સ તેમજ સપ્લાયર દ્વારા થાય છે. જો કે એસઓજીની ટીમ અને શહેર પોલીસ અવાર-નવાર આવા પેડલરોને ગાજો, એમડી, બ્રાઉન સ્યુગર સહિતના પદાર્થો સાથે પકડી લે છે. દરમિયાન એક દરોડામાં એસઓજીએ નવાગામાં ચા-પાનની કેબીન ચલાવતાં શખ્સને ગાંજા સાથે પકડી લીધો હતો. આ શખ્સ ચોટીલા તરફથી છુટક ગાંજો લાવી પોતાની કેબીને ચા-પાન-ફાકીની સાથે સાથે ગાંજાની પડીકીઓ પણ વેંચતો હોવાનો પર્દાફાશ થયો હતો. અગાઉ પણ તે આવી રીતે ખેપ મારી આવ્યો હોવાનું ખુલ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં વધુ એક વખત એસઓજીએ માદક પદાર્થની હેરાફેરીમાં સામેલ શખ્સને ઝડપી લીધો છે. નવાગામ રંગીલા સોસાયટીમાં રહતો શખ્સ રાજકોટ અમદાવાદ હાઇવે તરફથી માદક પદાર્થ લઇને આવી રહ્યો છે તેવી બાતમી મળતાં તેને રૂા. ૫૬ હજારના ગાંજા સાથે ઝડપી લીધો છે. ચોટીલા તરફથી છુટક છુટક ગાંજો લાવી પોતાની ચા-પાન-ફાકીની કેબીનેથી જ તે વેંચાણ કરતો હોવાનું ખુલ્યું હતું. શહેરમાં માદક પદાર્થોની હેરાફેરી વેંચાણ સેવન અટકાવવા સે નો ટુ ડ્રગ્સ મિશન ચાલી રહ્યું હોઇ ઉચ્ચ અધિકારીઓએ આ પ્રકારના નાર્કોટીક્સ પદાર્થનું ખરીદ, વેંચાણ અટકાવવા અને સેવન કરનારાઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા સુચના આપી હોઇ એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી.

આ દરમિયાન હેડકોન્સ. હરદેવસિંહ જોડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, કોન્સ. અનોપસિંહ ઝાલાને બાતમી મળી હતી કે નવાગામનો વિનોદ નામનો શખ્સ જેણે ગ્રે જીન્સ અને કાળો શર્ટ પહેર્યા છે તે રાજકોટ અમદાવાદ હાઇવે પર કુવાડવા પોલીસ સ્ટેશન સામેના પૂલ નીચે હોન્ડા લઇને આવી રહ્યો છે અને તેની પાસે માદક પદાર્થ છે. આ બાતમીને આધારે ટીમે વોચ રાખતાં બાતમી મુજબનો શખ્સ નીકળતાં તેને સકંજામાં લઇ તલાશી લેતાં શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. એફએસએલ અધિકારી કે. એમ. તાવીયાએ આ પદાર્થ ગાંજો હોવાનું સ્પષ્ટ કરતાં આ શખ્સ સામે કુવાડવા પોલીસમાં એનડીપીએસનો કેસ દાખલ કરાવાયો હતો. પુછતાછમાં તેણે પોતાનું નામ વિનોદસિંહ ઉર્ફે રાજુ હુકુમસિંહ સેંગર (રંગીલા સોસાયટી નવાગામ મામાવાડી પાસે મફતીયાપરા) જણાવ્યું હતું. તેની પાસેથી મળેલા ગાંજાનું વજન કરતાં ૧.૧૨૦ કિલોગ્રામ થયું હતું. જેની કિંમત પદ હજાર થાય છે.

પાંત્રીસ વર્ષના આ શખ્સ પાસેથી પોલીસે ગાંજો, તેમજ બે મોબાઇલ ફોન, જીજે૦૩સીએમ-૪૪૯૯ નંબરનું બાઇક તથા પ્લાસ્ટીકની બે ખાલી થેલી મેળી રૂા. ૯૧૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ઝડપાયેલો શખ્સ અગાઉ બી-ડિવીઝનમાં પણ માદક પદાર્થના કેસમાં અને નાની મોલડી ચોટીલામાં અન્ય એક કેસમાં પકડાયો હતો. તે નવાગામમાં ચા-પાન-ફાકીની કેબીન ચલાવે છે. અહિ તે સાઇડમાં આવક ઉભી કરવા પચાસ, સો, બસ્સોમાં ગાંજાની પડીકીઓ બનાવીને વેંચતો હતો. ચોટીલા તરફથી તે આ ગાંજો લાવ્યાનું રટણ કરતો હોઇ વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. તે અગાઉ પણ આવી રીતે ગાંજાની ખેપ મારી આવ્યાની શક્યતા છે.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી કાઇમ જગદીશ બાંગરવા, એસીપી કાઇમ ભરત બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એન. બી. ચોધરી, પીએસઆઇ એમ. વી. જાડેજા, એએસઆઇ અરૂણભાઇ બાંભણીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, હેડકોન્સ. હરદેવસિંહ, યોગરાજસિંહ, ધર્મેન્દ્રસિંહ, મહાવીરસિંહ, કોન્સ. અનોપસિંહ, ધ્રુવરાજસિંહ, વિરભદ્રસિંહ, ડ્રા. હેડકોન્સ. મહાવીરસિંહ, કોન્સ. નિર્મળસિંહે કરી હતી. આરોપીના રીમાન્ડ મળ્યા બાદ સપ્લાયરને શોધવાની કામગીરી થશે.

સૌથી વધુ એપીકે ફાઇલનો ઉપયોગ કરી છેતરતાં થઇ ગયા છે ગઠીયાઃ આવી ફાઇલથી ચેતજો

લગ્નના નિમંત્રણના નામે વૃધ્ધને ૧પા.ા લાખનો ચાંદલો

પરિચીત તરફથી વ્હોટ્સએપમાં આવેલી ફાઈલ ઓપન કરતાં જ વૃધ્ધ ગઠીયાગીરીનો ભોગ બન્યાઃ બીજા બનાવમાં પીએમ આવાસના નામે એપીકે ફાઇલ મોકલી ઠગાઇ કરવામાં આવી

રાજકોટ તા. ૧૯

સાયબર ફ્રોડની ઘટનાઓમાં ગઠીયાઓ હાલમાં સૌથી વધુ ઉપયોગ એપીકે ફાઇલનો કરી રહ્યા છે. ઇ ચલણ અને આમંત્રણ પત્રિકાના નામે ઠગાઇ થઇ રહી છે. એક વૃધ્ધને લગ્નની આમંત્રણ પત્રીકા મોકલી સાડા પંદર લાખનો ચૂનો લગાવી દેવાયો હતો. પરિચીતના વ્હોટ્સએપમાંથી આ વૃધ્ધને વેડીંગ ઇન્વીટેશનની ફાઇલ આવી હતી. જે તેણે ઓપન કરતાં જ ફોન હેક થઇ ગયો હતો. બબાદમાં તેમના બેંક ખાતામાંથી પંદર લાખ પિસ્તાલીસ હજાર ગઠીયાઓએ ટ્રાન્સફર કરી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો સાયબર ગઠીયાઓ અલગ અલગ રીતે લોકો સાથે ઠગાઈ કરે છે. જેમાં ઇ-ચલણ, ગેસ લાઇન બિલના નામે એપીકે ફાઇલ મોકલી ઠગાઈ કરતા હોય છે. ત્યારે હવે શહેરના મણિનગરમાં લગ્નની આમંત્રણની કંકોત્રીની એપીકે ફાઈલ મોકલીને ગઠિયાએ વૃદ્ધના ફોનનું એક્સેસ મેળવીને બેંક એકાઉન્ટમાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ૧૫.૪૫ લાખ ટ્રાન્સફર કરી દીધા છે. જે અંગે વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. મણિનગરમાં રહેતા ચોસઠ વર્ષીય વૃદ્ધ નિવૃત છે. વૃદ્ધ અગાઉ જ્યાં કામ કરતા ત્યારના એક પરિચિત વ્યક્તિના નંબર પરથી વેડિંગ ઇન્વિટેશન કાર્ડના નામે વોટ્સએપમા એપીકે ફાઇલ આવી હતી. આ ફાઇલ ડાઉનલોડ કરી ક્લિક કરી વૃદ્ધે તરત જ બંધ પણ કરી દીધી હતી.

બાદમાં એક મહિના બાદ વૃદ્ધના ફોનમાં ઘણા બધા ઓટીપી આવવા લાગ્યા હતા. વૃદ્ધ ધાંગધ્રા હોવાથી પત્નિને બેંકમાં મોકલીને પાસબુક પ્રન્ટ કરાવવા કહ્યું હતું. બેંકમાં હડતાળ હોવાથી બે દિવસ સુધી પાસબુક પ્રિન્ટ થઈ ન હતી. પાસબુક પ્રિન્ટ થઈને આવી ત્યારે જાણ થઈ હતી કે તેમના ખાતામાં અલગ અલગ ૨૬ ટ્રાન્જેક્શન દ્વારા ગઠિયાએ યુપીઆઇ કરી ૧૫.૪૫ લાખ ટ્રાન્સફર કરી દીધા છે. વૃદ્ધે ફાઇલ મોકલનાર વ્યક્તિને પૂછ્યું ત્યારે તેનો ફોન હેક થયો હોવાનું જાણવા મળ્યું હતુ. એટલે કે સાયબર ગઠિયાએ તેમના પરિચિત વ્યક્તિનો ફોન હેક કરી 'ષ્ટિ ફાઇલ મોકલીને લખો રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. આ અંગે વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો સાણંદના મોરૈયા ગામ ખાતે સાયબર ઠગોએ 'પીએમ આવાસ યોજના'ના નામે બોગસ એપીકે ફાઇલ મોકલીને એક યુવક સાથે રૂ. ૧.૦૪ લાખની ઓનલાઇન ઠગાઈ આચરી છે. આ મામલે ચાંગોદર પોલીસે ફરિયાદી યુવકની ફરિયાદના આધારે અજાણ્યા હેકર્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. મૂળ બિહારના નાલંદા જિલ્લાના દોલાચકગામના વતની અને હાલ સાણંદના મોરૈયાની નારાયણ-૨ સોસાયટીમાં પરિવાર સાથે રહીને ખાનગી કંપનીમાં મશીન ઓપરેટર તરીકે નોકરી કરતા ૩૬ વર્ષીય રોહિતકુમાર વીરેન્દ્ર-સાદ વર્મા સાથે આ ઠગાઈ થઈ હતી. તેઓ ઘરે હતા ત્યારે તેમના બિહાર રહેતા કાકી રંજનાદેવીના વોટ્સએપ નંબર પરથી એક મેસેજ આવ્યો હતો, જેમાં પીએમ આવાસ યોજના એપીકે નામની એક ફાઇલ હતી અને નીચે લખ્યું હતું, રોહિતકુમારને લાગ્યું કે સરકારી યોજનામાં તેમનું નામ આવ્યું હશે, જેથી તેમણે ફાઇલ પર ક્લિક કરી ડાઉનલોડ કરી હતી.

આ પછી તેમાં પોતાનો મોબાઈલ નંબર નાખવા છતાં ફાઈલ ઓપન થઈ નહોતી. ૨ દિવસ બાદ બપોરે મોબાઈલ ચેક કરતાં બેન્કના ટેક્સ્ટ મેસેજ જોઈને તેમના હોશ ડી ગયા હતા. ઠગોએ ફરિયાદીના અલગ અલગ ખાતામાંથી કુલ રૂ. ૧.૦૪ લાખ પચાવી પાડ્યા હતા. આ અંગે રોહિતકુમારે સાયબર હેલ્પલાઈન પર સંપર્ક કરી ઈ-એફઆઈઆર નોંધાવી હતી. બાદમાં તેમણે બિહાર રહેતા તેમના કાકીને ફોન કરીને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે તેમનું વોટ્સએપ પણ હેક થઈ ગયું હતું જેથી આ મેસેજ ઓટોમેટિક વાઈરસ તરીકે ફોરવર્ડ થઈ રહ્યો હતો. આ અંગે સાણંદના ચાંગોદર પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા સાયબર ઠગો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

સાયબર નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આજકાલ સાયબર ઠગો પરિચિતો કે સગા-સંબંધીઓના વોટ્સએપ એકાઉન્ટ હેક કરીને પીએમ આવાસ યોજના, ઇલેક્ટ્રિસિટી બિલ, કે ટ્રાફિક ચલાણ જેવા નામ એપીકે ફાઇલ મોકલે છે. આવી ફાઇલ પર ક્લિક કરતાં જ મોબાઇલમાં માલવેર કે વાઇરસ ઇન્સ્ટોલ થઈ જાય છે, જે યુઝરના બેન્ક ઓટીપી, એસએમએસ અને યુપીઆઇનો એક્સેસ ઠગોને આપી દે છે. લોકોએ વોટ્સએપ પર અનનોન કે જાણીતા નંબરો પરથી પણ આવતી કોઈપણ .ષ્ટિ ફાઇલ ડાઉનલોડ ન કરવા સાવચેત રહેવું જોઈએ.તેવી ખાસ સલાહ અને માર્ગદર્શન આપવામાં આવ્યુ છે.

લેભાગુઓ અત્ર તત્ર સર્વત્ર નજર માંડીને જ બેઠા હોય છેઃ વધુ એક પરિણીતા ફસાઇ

મદદના બહાને દૂષ્કર્મ-બ્લેકમેઈલીંગ

આરટીઓ એજન્ટે મહિલાને તેણીના પતિ વિરૂધ્ધની અરજી કરવામાં સહાય કરશે તેવુ કહી મિત્રતા કેળવી પછી લગ્નની લાલચ દીધી ફોટા વાયરલ કરવાની ધમકી દઇ સતત શોષણ કર્યુઃ બીજી ઘટનામાં બેંકના નામે વૃધ્ધને ફોન કરી પોણા બાર લાખની છેતરીંડી

રાજકોટ, તા.,૧૯

સગીરાઓ, યુવતિઓ, કોલેજમાં ભણતી છાત્રાઓ કે પછી પરિણીતાઓ અને ક્યારેક વિધવા કે ત્યકતાઓને લેભાગુઓ ફસાવીને દુષ્કર્મ આચરી લેતાં હોવાના બનાવો અવાર-નવાર બનતા રહે છે. આવી જ વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં એક મહિલાને તેના પતિ વિરૂધ્ધની અરજીમાં મદદ કરવાના બહાને આરટીઓ એજન્ટે ફસાવી હતી અને લગ્નની લાલચ દઇ દેહ પીંખી ફોટા પાડી લઇ તે વાયરલ કરવાની ધમકી આપી શોષણ કર્યુ હતું. અંતે તેણીએ પોલીસને જાણ કરતાં કાર્યવાહી થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરમાં મહિલા સાથે છેતરપિંડી અને જબરદસ્તી શારીરિક સંબંધ બાંધવાનો વધુ એક ગંભીર ગુનો સામે આવ્યો હતો. પાડેસરા વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ તેના પતિ વિરૂધ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં કરેલી અરજીમાં મદદ કરવાના બહાને આરટીઓએજન્ટ સાગર રાજુભાઈ પાટીલ નામના શખ્સે હોટલમાં બોલાવી હતી. ત્યાં તેણે લગ્નની લાલચ આપી મહિલાની મરજી વિરુદ્ધ જબરદસ્તીથી શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. આરોપી સાગર પાટીલે શરીર સંબંધ બાંધ્યા બાદ મહિલા સાથેના વાંધાજનક ફોટા પોતાના મોબાઇલમાં પાડી લીધા હતા. આ ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની અને સમાજમાં બદનામ કરવાની ધમકી આપી તે મહિલાને સતત બ્લેકમેઇલ કરવા લાગ્યો હતો.

તેણે અત્યાર સુધી આરોપીએ મહિલાને હોટલ, મહિલાના ઘરે તેમજ પોતાના ઘરે બોલાવી વારંવાર જબરદસ્તીથી શરીર સંબંધ બાંધ્યા હતા. આટલું જ નહીં, આરોપીએ ભોગ બનનાર પરિણીતા અને તેની માતા સાથે ઝઘડો કરી જાતિવિષયક અપમાનજનક શબ્દો કહ્યા હતા. તેણે અમે કુંનબી

પાટીલ છીએ અને તમારી કોઈ ઓકાત નથી તેમ કહી ઉગ્ર બોલાચાલી કરી બિભત્સ ગાળો ભાંડી હતી. સાથે જ પરિણીતાને થપ્પડ મારી બદનામ કરવાની તેમજ જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકી પણ આપી હતી.

આ કિસ્સામાં ભોગ બનનાર પરિણીતાએ હિંમત દાખવી પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ડિંડોલીના સણીયા ગામ ખાતે રહેતા ટ્વ એજન્ટ સાગર રાજુભાઈ પાટીલ વિરૂધ્ધ દુષ્કર્મ તથા એટ્રોસિટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.. આ ગંભીર ગુનામાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસ.સી. સંગાડાએ પ્રાથમિક સ્થળ વિઝિટ કરી હતી અને પી.આઈ. કે.ડી. જાડેજા પણ ઘટનાથી અવગત થયા હતા. એટ્રોસિટી અને દુષ્કર્મનો સંવેદનશીલ કેસ હોવાથી તેની આગળની તપાસ એચ ડિવિઝનના મદદનીશ પોલીસ કમિશનર ઝેડ.આર. દેસાઈને સોંપવામાં આવી હતી.

બીજી તરફ એપીકે ફાઇલના નામે સાયબર ફ્રોડ થયું હતું. અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના સડસઠ વર્ષીય નિવૃત્ત જુનિયર આસિસ્ટન્ટ વસંતભાઈ મહાલે સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. ગઠિયાએ પોતે બેંક ઓફ ઈન્ડિયામાંથી બોલતો હોવાની ઓળખ આપી પેન્શન એકાઉન્ટ અંગે માહિતી મેળવી હતી અને ત્યારબાદ ફોનમાં એપીકે ફાઈલ મોકલી મોબાઈલ હેક કરી લીધો હતો. આ ઘટના અંગે પીડિતે સાયબર હેલ્પલાઈન અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ફોન કોલ આવ્યાના બીજા દિવસે વૃદ્ધ ઘમાંથી જાગ્યા ત્યારે તેમના મોબાઈલ પર બેંકમાંથી સતત પૈસા કપાવવાના મેસેજ આવી રહ્યા હતા.

ગઠિયાએ એપીકે ફાઈલ દ્વારા ફોનનો એક્સેસ મેળવીને વૃદ્ધના બે અલગ-અલગ બેંક એકાઉન્ટમાંથી બાર જેટલા ટ્રાન્ઝેક્શન કરીને કુલ અગીયાર લાખ ચોસઠ હજાર અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. સાયબર ક્રાઈમ પોલીસે ઘટના અંગે ગુનો નોંધી, નાણાકીય ટ્રાન્ઝેક્શન અને મોબાઈલ નંબરના આધારે અજાણ્યા ગઠિયાની શોધખોળ શરૂ કરી હતી.

વૃધ્ધ-યુવાનના ફોન હેક કરી ૩.૮૦ લાખ ઉસેડાયા

ઉપલેટા અને શાપરમાં બનાવ બનતાં પોલીસે ગુના દાખલ કરી તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૧૯

જીલ્લામાં સાયબર ફ્રોડના વધુ બે બનાવ સામે આવ્યા હતાં. જેમાં ઉપલેટાની સર્વોદય સોસાયટીમાં રહેતા રાજેશભાઇ ભીખાભાઇ કળસારા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધનો ફોન ગમે તે રીતે હેક કરી અજાણ્યા સાયબર ગઠીયાએ રૂા. ૨.૮૯ લાખ ટ્રાન્સફર કરી લઇ ઠગાઇ કર્યાની ઉપલેટા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા તપાસ શરૂ થઇ છે.

વિગતો જોઇએ તો ઉપલેટામાં દુકાનમાં પ્રાઇવેટ નોકરી કરતા રાજેશભાઇએ પોલીસને જણાવ્યું કે, રાજેશભાઇ કળસારાએ પોલીસને જણાવ્યુ કે, ગઇ તા. ૧૪ ના તે પત્ની નિર્મલાબેન સાથે ઘરકામથી ઉપલેટાથી રાજકોટ જવા નિકળ્યા હતા. આ સમયે તેના ફોનમાં તેના બેંક ખાતામાંથી રૂા. ૪૭ હજાર ટ્રાન્સફર થયાના મેસેજ આવતા શંકા જતા તેણે તેના પુત્રને જાણ કરી હતી.

આ પછી તેઓ રૂબરૂ બેંકમાં જઇ તપાસ કરી એકાઉન્ટ ફીઝ કરાવી નાખ્યું હતું. બાદમાં તેણે એકાઉન્ટ સ્ટેટસ ચેક કરાવતા સાયબર ગઠીયાએ તા. ૧૦ થી તા. ૧૪ સુધીમાં અલગ અલગ સમયે રૂા. ૨.૮૯ લાખના ટ્રાન્ઝેકશન કરી છેતરપીંડી કર્યાનું જાણવા મળતાં ફરીયાદ નોંધાવી હતી. પીઆઇ એચ.એમ. ધાધલે ગુનો દાખલ કરી આ બાબતે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટના જોઇએ તો શાપરમાં નિકુ ફોર્જીંગમાં રહેતા મુળ નેપાળના ક્રિષ્ના બહાદુર વર્જીત ખડકા નામના ચાલીસ વર્ષના યુવાનનો ફોન પણ ગઠીયાએ હેક કરી તેના ખાતામાંથી અલગ અલગ સમયે રૂા. ૯૦ હજાર ટ્રાન્સફર કરી લઇ છેતરપીંડી કર્યાની શાપર પોલીસ મથકમાં ફરીયાદ દાખલ થઇ હતી.

વધુ પાંચ ઘટનાઓ અલગ અલગ પરિવારોને કારમો આઘાત આપી ગઇ

આર્થિક સંકડામણથી કારખાનેદારનો આપઘાત

વાવડીના કારખાનામાં જ ઝેર પી લીધુંઃ બીજા બનાવમાં બાવીસ વર્ષના યુવાનનું ગળામાં સોજો ચડ્યા બાદઃ ત્રીજી ઘટનામાં ડિલીવરી બાદ માતા-પુત્ર બંનેના મોત : ચોથી ઘટનામાં બે ભાઇને અર્ધબેભાન સારવારમાં ખસેડાયા બાદ એકનું મોતઃ પાંચમા બનાવમાં પ્રૌઢનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ

રાજકોટ તા. ૧૯

અપમૃત્યુના વધુ પાંચ બનાવો જાહેર થયા હતાં. જેમાં એક કારખાનેદારે આર્થિક સંકડામણથી કંટાળી જઇ પોતાના વાવડીમાં આવેલા કારખાનામાં ઝેર પી જીવ આપી દીધો હતો. બીજી ઘટનામાં એક બાવીસ વર્ષના યુવાનને ગળામાં સોજો ચડ્યા બાદ તેનું મોત થયું હતું. ત્રીજા બનાવમાં એક મહિલાએ દિકરાને જન્મ આપ્યા બાદ તેની અને દિકરાની એમ બંનેની તબિયત બગડતાં મોત થયું હતું. ચોથા બનાવમાં બે સગા ભાઇઓને તબિયત બગડતાં સારવારમાં ખસેડાયા હતાં. પરંતુ એક ભાઇનું મોત થયું હતું. પાંચમા બનાવમાં એક પ્રૌઠ વૃધ્ધાશ્રમમાં બેભાન થઇ ગયા બાદ જીવ ગયો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો શહેરમાં આર્થિક ભીંસને કારણે વધુ એક આપઘાતની ઘટના બની છે. કોઠારીયા નાકા પાસે રહેતાં કારખાનેદારે વાવડીમાં પોતાના જ કારખાનામાં ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. માહિતી અનુસાર કોઠારીયા નાકા પેલેસ રોડ ઓમકાર સ્કૂલ પાછળ સુંદરમ્ પાર્ક-૧માં રહેતાં વિજયભાઇ સવજીભાઇ કથીરીયા નામના ઓગણપચાસ વર્ષના કારખાનેદારે બપોરે અઢીથી ત્રણ વાગ્યા વચ્ચે વાવડી ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં આવેલા ખોડલ ઇન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાં હતાં ત્યારે ઝેરી દવા પી લેતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ મોડી રાતે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ મારફત થતાં તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઇ ડી. સી. જોષી સહિતે ત્યાં પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનારા વિજયભાઇ કથીરીયા ચાર ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. તેમને સંતાનમાં બે દિકરી છે. પોતે કારખાનુ ધરાવતાં હતાં. હાલમાં આર્થિક ખેંચ ઉભી થઇ હોઇ તેના કારણે પગલુ ભર્યાનું બહાર આવ્યું છે. મોભીના આ પગલાથી કથીરીયા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

બીજી ઘટના જોઇએ તો શાપર વેરાવળમાં રહેતાં બાવીસ વર્ષના યુવાનને ગળામાં સોજો ચડ્યા બાદ તબીયત બગડતાં બેભાન થઇ જતાં સારવાર દરમિયાન મોત થયું હતુ. શાપર બુધ્ધનગરમાં રહેતો બાવીસ વર્ષનો કિશન જેસીંગભાઇ ખટારીયા સાંજે આઠેક વાગ્યે ઘરે હતો ત્યારે તબીયત બેગડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે

શાપર પોલીસને જાણ કરી હતી મૃત્યુ પામનાર કિશન ત્રણ બહેનનો એકનો એક નાનો ભાઇ હતો અને પ્રાઇવેટ નોકરી કરતો હતો. સગાના કહેવા મુજબ તેને અચાનક ગળામાં સોજો ચડી ગયો હતો અને બાદમાં તબીયત બગડતાં સારવાર માટે ખસેડ્યો હતો. પોલીસે મૃત્યુનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. એકના એક દિકરાના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો છે.

ત્રીજા બનાવમાં જેતપુરમાં ચામુંડાનગરમાં રહેતાં રાજકુમારી અનિલ સરોજ નામની બત્રીસ વર્ષની મહિલાએ ગઇકાલે જેતપુર હોસ્પિટલમાં પુરા મહિને દિકરાને જન્મ આપ્યો હતો. પરંતુ ડિલીવરી થયા બાદ આ મહિલા અને નવજાત દિકરા એમ બંનેની તબીયત બગડતાં મૃત્યુ થઇ જતાં જેતપુર પોલીસને જાણ કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર રાજકુમારીના પતિ અનિલ સરોજ જેતપુર સાડીના કારખાનામાં કામ કરે છે. આ દંપતિને અગાઉ સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો હતાં. પાંચમા સંતાનના જન્મ સાથે જ તેનું અને માતા રાજકુમારીનું પણ મૃત્યુ થતાં કલ્પાંત સર્જાયો હતો.

ચોથી ઘટનામાં લક્ષ્મીનગર શાક માર્કેટ નજીક નાલા પાસે ઝૂપડામાં રહેતાં એકત્રીસ વર્ષના દેવીપૂજક ગૌતમ નટવરભાઇ દંતાણી અને તેના ભાઇ ત્રીસ વર્ષનો પુરણ નટવરભાઇ દંતાણી બંને ઝૂપડામાં બિમાર બેભાન જેવી હાલતમાં પડ્યા હોઇ કોઇએ જાણ કરતાં ૧૦૮ મારફત બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ગૌતમનું મૃત્યુ થયું હતું. જ્યારે પુરણ સારવાર હેઠળ છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. જ્યારે પાંચમા બનાવમાં ગોડલ રોડ સદ્ભાવના વૃધ્ધાશ્રમમાં પચાસ વર્ષના હરિલાલ વિશ્રામભાઇ પોડાર બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. આમ પાંચ બનાવમાં પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં. પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

આઇટી એક્ટીક્યુટીવએ ઓનલાઇન પર્સનલ લોન લેતાં ફ્રોડમાં ફસાયો

પેમેન્ટ કરાવવાના નામે ૫.૩૦ લાખની ઠગાઇ

બીજા બનાવમાં ઓનલાઇન ટીવી ખરીદવા એપ ઇન્સ્ટોલ કરતાં ફોન હેક થયોઃ ફરી ચાલુ થયો તે સાથે જ ખાતામાંથી નાણા ઉપડી ગયા : ત્રીજી ઘટનામાં દવાખાનાના કામ માટે મદદ માંગી રૂપિયા પડાવી લેવાયા

રાજકોટ તા. ૧૯

ઓનલાઇન ઠગાઇ કરતાં ગઠીયાઓએ વધુ કેટલાક નવા શિકાર બનાવી લીધા છે. જેમાં એક આઇટી એક્ઝીક્યુટીવે ઓનલાઇન લોન લીધી હોઇ આ લોનની ચુકવણી કર્યા બાદ પણ પેમેન્ટ અપડેટ ન થતાં આ માટે ઓનલાઇન પ્રયાસ કરતાં ગઠીયાએ અપડેટ માટે વધુ પૈસા ચુકવવા પડશે તેમ કહી સાડા પાંચ લાખનો ચૂનો લગાવી દીધો હતો. બીજી તરફ મોબાઇલ હેક કરીને એક ધોબીના ખાતામાંથી દોઢ લાખ ઉસેડી લેવાયા હતાં.

પ્રથમ ઘટના જોઇએ તો એક આઇટી એક્ઝીક્યુટીવ કે જે કરજણ રહે છે તેની સાથે રૂ. ૫.૪૮ લાખની સાયબર છેતરપિંડી થઇ છે. તેમણે ગૂગલ પ્લે સ્ટોર પરથી રીવોલાઇન એપ્લિકેશન દ્વારા પર્સનલ લોન લીધી હતી. લોનની ચુકવણી કર્યા બાદ પણ પેમેન્ટ અપડેટ ન થતાં, ભેજાબાજે તેમને વધુ પૈસા ચૂકવવા દબાણ કર્યું. આખરે, કુલ રૂ. ૫.૪૮ લાખ ગુમાવ્યા બાદ કરજણ પોલીસ સ્ટે શનમાં ફરિયાદ નોંધાઈ હતી. વુ માહિતી અનુસાર મોબાઈલના ગૂગલ પ્લે સ્ટોર પર પર્સનલ લોન માટેની એપ્લિકેશન સર્ચ કરી લોન લીધા બાદ આઇટી એક્ઝિક્યુટિવને પોતાની જાળમાં ફસાવી ભેજાબાજે ૫.૪૮ લાખ ઓનલાઇન સેરવી લીધા હતાં.

પોલીસે જણાવ્યું હતું કે કરજણના જૂનાબજાર વિસ્તારમાં ગોકુલધામ સોસાયટીમાં રહેતાં અને સરદાર એસ્ટેટ વડોદરાની ખાનગી કંપનીમાં એક્ઝિકક્યુટિવ તરીકે આઇ.ટી. ડિપાર્ટમેન્ટમા નોકરી કરતાં દીપક શાંતિલાલ પરમારે પોતાના મોબાઇલમાં ગૂગલ પ્લે સ્ટોર પર પર્સનલ લોન આપતી એપ્લિકેશન સર્ચ કરી લોન લીધી હતી. ત્યારબાદ ૫.૪૮ લાખ ઉપરાંતની રકમનો સાયબર ફ્રોડનો ભોગ બન્યા હતાં દીપકે મોબાઇલના ગુગલ પ્લે સ્ટોર પર પર્સનલ લોન માટે રીવોલાઈન નામની એપ્લિકેશન સર્ચ કરી તેમાંથી પર્સનલ લોન લીધી હતી. આ એપ્લિકેશનમા બ્રાઉઝ પર ક્લિકના થોડા સમય બાદ દીપકના બંને બેન્ક એકાઉન્ટમાં ઓટોમેટિક રકમ ક્રેડિટ થવા લાગી હતી.

આ રકમની ચૂકવણી કરી હતી પરંતુ પેમેન્ટ અપડેટ ન થતાં એપ્લિકેશનમા ચેટ દ્વારા મેસેજ

કરતા હતા, પરંતુ એપ્લિકેશનમા મેસેજથી જણાવવામા આવતુ હતુ કે તમારુ પેમેન્ટ થયેલ નથી, જો કે દીપકના પેટીએમમાં પેમેન્ટ સક્સેસ બતાવતુ હતુ તેમ છતાં દીપક ફરી પેમેન્ટ કરતા હતા. આમ દીપકે અલગ અલગ ટ્રાંજેક્શન કરી રૂપિયા ૫.૪૮ લાખ ચૂકવ્યા હતા. ત્યારબાદ એપ્લિકેશનમાં મેસેજ આવતો હતો કે તમારે તમારી ઓટોમેટિક ક્રેડિટ થતી રકમ પરત મેળવવી હોય તો તમારે બીજુ પેમેન્ટ કરવુ પડશે. જેથી દીપકને લાગેલ કે આ અજાણ્યો ઈસમ વારંવાર મારી પાસે પૈસા માગે છે. અને મારી સાથે સાઇબર ફ્રોડ કરે છે. આ અંગે કરજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતાં પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઇ હતી.

બીજી છેતરપીંડી જોઇએ તો વડોદરાના ડભોઈમાં હેવન ધોબીના ૧.૪૧ લાખ રૂપિયા મોબાઈલ હેક કરીને ઓનલાઈન ખાઇ જવાયા હતાં. ડભોઈમાં ચુનીલાલ પાર્ક સોસાયટીમાં રહેતા હેવન રમેશભાઇ ધોબીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ઇન્સ્ટાગ્રામ પર લુમોરા ટીવી નામની એક એપ્લિકેશન જણાતા તેને ઇન્સ્ટોલ કરી હતી પરંતુ મોબાઇલમાં રિસ્ક એપનું નોટિફિકેશન આવતા તેને અનઇન્સ્ટોલ કરી દીધી હતી. બાદમાં સાંજે પૈસા ટ્રાન્સફર કરવા માટે જીપેનો ઉપયોગ કરતો હતો ત્યારે અચાનક મોબાઇલ હેક થઇ ગયો હતો અને ડિસ્પ્લે પર ઇન્ટોલ સિસ્ટમ લખાણ આવ્યું હતું. પાંચ મિનિટ બાદ મોબાઇલ શરૂ થયો ત્યારે બેલેન્સ માત્ર ૦.૪૪ પૈસા બતાવતું હતું. મારા બેન્ક એકાઉન્ટમાંથી બારોબાર કુલ ૧.૪૧ લાખ ઉપડી ગયા હતાં. ઉપરોક્ત પોલીસ ફરિયાદ બાદ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

ઠગાઇના ત્રીજા બનાવમાં પાદરા તાલુકાના વડુ ગામે નાની ખડકીમાં રહેતા સૌરભ નરેન્દ્રભાઇ પટેલે વડુ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું ફેબ્રિકેશનનો ધંધો કરું છું. હું સુરતથી ઘેર આવતો હતો ત્યારે રાત્રે મોબાઇલ પર એક શખ્સનો ફોન આવ્યો હતો અને હું રહેમાનઅલી બોલું છું, તમારા લખનૌ ખાતે આવેલ ટર્મિનલમાં કામ કરું છું, દવાખાનામાં ઇમરજન્સી પૈસાની જરૂર છે, મને એક લાખ મોકલી આપો, તમે મારા પગારમાંથી કાપી લેજો તેમ કહેતા મેં મારી પાસે આટલી રકમ નથી રૂા.૫૫ હજાર નાખી આપું તેમ કહી મારા જેએસએન પેટ્રો કેમ એન્જિનિયરિંગ સર્વિસના બેન્ક ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કર્યા હતાં. બાદમાં મારા સુપરવાઇઝરને ફોન કરી લખનૌના ટર્મિનલમાં રહેમાન કામ કરે છે તેમ પૂછતા તેમણે ના પાડી હતી. બાદમાં મેં રહેમાનના નંબર પર ફોન કરતા મારો નંબર બ્લોક કરી દીધો હતો.

જનરલ બોર્ડમાં ભાજપના જ કોર્પોરેટરોએ અધિકારીઓને હંફાવ્યા

આવાસ યોજનાની 'પોલ' છતી જવાબદારોની બોલતી બંધ

૧૦-૧૦ વર્ષ સુધી ડ્રો કરવાનું ભૂલી જતાં આવાસ ખખડી ગયા, લાખોનો ધુમાડોઃ 'તંદુરસ્ત ચર્ચા'ના નામે અધિકારીઓ બોલતી બંધ, લેખિત જવાબ આપવાના વાયદા : આગામી જનરલ બોર્ડ બેઠકમાં વંદે માતરમનું થશે પુરુ ગાન : મેયરનો આદેશ

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ સામાન્ય રીતે શાંતિપૂર્ણ અને તંદુરસ્ત વાતાવરણ વચ્ચે સંપન્ન થયું હોવાનો દેખાવ થતો હતો, પરંતુ અંદરખાને શાસક પક્ષ ભાજપના જ કોર્પોરેટરોએ આવાસ યોજના વિભાગની ઘોર બેદરકારીઓ અને તકલાદી કામગીરીનો પર્દાફાશ કરીને અધિકારીઓને બરાબરના ભીંસમાં લીધા હતા. અલગ-અલગ અડધો ડઝન વિભાગના પ્રશ્નો અંગે જ્યારે કોર્પોરેટરોએ અધિકારીઓ પાસે જવાબો માગ્યા, ત્યારે અધિકારીઓ પાસે કોઈ સ્પષ્ટ ઉત્તર નહોતા અને આખરે ''લેખિતમાં જવાબ આપીશું'' તેમ કહીને પોતાની ચામડી બચાવવાનો પ્રયાસ કરવો પડ્યો હતો.

સૌથી વધુ બુમરાણ આવાસ યોજનાઓના મેન્ટેનન્સ, પુનઃવસન અને મનપાની ઘોર નિષ્ક્રિયતા સામે મચી હતી. વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર જ્યોત્સનાબેન ટીલાળાએ એક અત્યંત ગંભીર અને ચોંકાવનારી બાબત તરફ ધ્યાન દોરતાં ખુલાસો કર્યો હતો કે, યુનિવર્સિટી રોડ પર બિશપ હાઉસ પાછળ આવેલા રવિ પાર્કમાં ડઝ્ઝ ધોરણે ૩૫૬ આવાસો બનાવવામાં આવ્યા હતા. પરંતુ મનપાના આળસુ અધિકારીઓ આ આવાસ બની ગયા બાદ આખો ડ્રો કરવાનો જ ભૂલી ગયા! આટલી મોટી યોજના બન્યા પછી પણ ૧૦-૧૦ વર્ષ સુધી તેનો ડ્રો જ ન કરવામાં આવતાં લાખો રૂપિયાના ખર્ચે બનેલા આ ફ્લેટો ખખડી ગયા હતા અને આખરે તેને ફરીથી રી-ડેવલપમેન્ટ કરવાનો વારો આવ્યો હતો. આ પ્રશ્નના ઉત્તરમાં સિટી ઈજનેરે બચાવ કરતાં જણાવ્યું હતું કે શરૂઆતમાં રૂ. ૩૦ હજારની આવક મર્યાદા અને ઝઝ રોડના લાભાર્થીઓ ન મળવાના કારણે આ પ્રશ્ન રહ્યો હતો, પણ હવે આ આવાસ રૂ. ૨ લાખમાં આપવાની વિચારણા છે જેમાં ૬ મહિનાની જાળવણીની મુદ્દત રહેશે. જેની સામે મેયર ડો. નેહલ શુક્લએ પણ ટાહૂકો કરવો પડ્યો હતો કે આ વખતે તો ૬ મહિનામાં આવાસ સોંપાઈ જશે ને, તેની ખાતરી કરી લેજો!

બીજી તરફ વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર કેતન પટેલે સ્લમ ફ્રી પોલિસીના નામે થતી કામગીરી સામે લાલ આંખ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે ૨૦૧૦માં કેન્દ્ર અને રાજ્ય સરકારની 'સ્લમ ફ્રી પોલિસી' તથા વોટર-વે ખુલ્લા કરવાની નીતિ હેઠળ લલુડી વોંકળીનો સર્વે, વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરીને દબાણો હટાવાયા હતા અને અનેક પરિવારોને આવાસ ફાળવાયા હતા. પરંતુ મનપાની કચરપટ્ટી નીતિના કારણે હટાવાયેલી જગ્યાઓ પર ફરીથી ઝૂંપડપટ્ટીઓ ખડકાઈ ગઈ છે અને જેમની તેમ વસવાટ થઈ ગયો છે, જે બતાવે છે કે અધિકારીઓ દબાણ હટાવ્યા પછી જમીનનો કબ્જો જાળવવામાં સાવ નિષ્ફળ રહ્યા છે.

આ ઉપરાંત વોર્ડ નં.૫ના કોર્પોરેટર સંજય ચાવડાએ હટાવાયેલી ઝૂંપડપટ્ટીઓ, ખાલી ફ્લેટો અને આવાસ બન્યા પછી મનપાની જવાબદારી અંગે સવાલો ઉઠાવ્યા હતા. જેના જવાબમાં સિટી ઈજનેર પી.ડી. અઢીયાએ સ્વીકાર્યું હતું કે આવાસ બન્યા બાદ બે વર્ષ સુધી જ કોન્ટ્રાક્ટરની જવાબદારી રહે છે અને ત્યારબાદ એસોસિએશને જાળવણી કરવાની હોય છે, જોકે અમુક કિસ્સામાં મનપા સમારકામ કરી આપે છે. પૂર્વ મેયર પ્રદીપ ડવે આવાસ યોજનાઓમાં એસોસિએશન અને સભ્યો વચ્ચે થતા મેન્ટેનન્સ ખર્ચના વિવાદો અને ચડત બિલનો મુદ્દો ઉપાડતાં આ માટે વધુ સભ્યોનો સમાવેશ કરીને નવી નીતિ બનાવવાની માંગ કરી હતી. જેના પગલે મેયર ડો. નેહલ શુક્લએ અધિકારીઓને એસોસિએશનો માટે કડક પોલિસી તૈયાર કરવા આદેશ આપ્યો હતો. આમ, સમગ્ર બોર્ડ દરમિયાન વિપક્ષ નહીં પણ શાસક પક્ષના જ કોર્પોરેટરોએ મનપાના સત્તાધીશો અને અધિકારીઓની ઊંઘ ઉડાડી દીધી હતી.

આવાસ યોજના મુદ્દે તીખી તકરાર

રાજકોટ મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં તાજેતરમાં શાસક અને વિરોધ પક્ષ વચ્ચે આવાસ યોજનાને મુદ્દે તીખી તકરાર જોવા મળી હતી. આવાસ યોજનાઓમાં નિયમોનો અનાદર કરી એક કરતા વધુ મકાનોની ફાળવણી તેમજ પદાધિકારીઓને મળેલા આવાસ અંગે કોંગ્રેસે તીખા પ્રહારો કર્યા હતા. વિરોધ પક્ષના સભ્યોએ આક્રમક વલણ અપનાવતા શાસક પક્ષ પર સગાંવાદ અને ગેરરીતિના ગંભીર આક્ષેપો કર્યા હતા. કૌભાંડનો સૂર ઉચ્ચારતાં વિપક્ષે વ્યંગાત્મક લહેકામાં કહ્યું હતું કે, સત્તાધારી પક્ષના નેતાઓ અને હોદ્દેદારો પહેલાં પોતાના પરિવારજનો માટે જ ક્વાર્ટર ફાળવી લે, પછી કાંઈ વધે તો ગરીબ સામાન્ય જનતાનો વારો કાઢજો! કોંગ્રેસના આ તાકાતવર પ્રહાર સામે શાસક પક્ષ ભાજપ પણ પાછળ રહ્યો નહોતો. ભાજપના કોર્પોરેટરે વળતો પ્રહાર કરતાં સણસણતો જવાબ આપ્યો હતો કે, સવાલો કરતા પહેલાં મકાનના હપ્તા ભરી લો, પછી પ્રશ્નો પૂછવા આવજો.આમને-સામને થયેલી આ તીખી નોકઝોક અને કટાક્ષબાજીથી બોર્ડરૂમનું વાતાવરણ કલાકો સુધી ગરમાયેલું રહ્યું હતું. હવે જોવાનું એ રહેશે કે આવાસ યોજનાની ફાળવણીના આ વિવાદમાં તપાસ થાય છે કે પછી રાજકીય આક્ષેપબાજીમાં જ આ મુદ્દો દબાઈ જાય છે.

કાજુ-કતરી કૌભાંડથી લઈ ઉઘરાણા સુધીના આક્ષેપો

મહાપાલિકાની મળેલી જનરલ બોર્ડની બેઠકમાં શાસક અને વિપક્ષે એકબીજા પર ગંભીર આક્ષેપો કર્યા હતા.બેઠકમાં આવાસ યોજનાની ચર્ચા ચાલતી હતી ત્યારે કોંગ્રેસના સભ્ય અર્જુનભાઈ ચૌહાણે કાજુ-કતરી કૌભાંડ સહિતના ખર્ચની તપાસનું શું થયું તેવો સવાલ ઉઠાવી શાસકોને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. તેના વળતા પ્રહારમાં ભાજપના સંજય ચાવડા અને મહિલા કોર્પોરેટરોએ વોર્ડ નંબર ૧૬માં કોંગ્રેસ દ્વારા કરાયેલા ઉઘરાણાનો મુદ્દો ચગાવ્યો હતો, જ્યારે ભાજપના જ મનીષ ભટ્ટે વિપક્ષના પૂર્વ મેયરનું રૂ. ૧.૭૫ લાખનું મોબાઈલ બિલ યાદ અપાવીને પલટવાર કર્યો હતો. સામસામે વાતાવરણ ગરમ થતાં મેયર ડો. નેહલ શુક્લએ તાત્કાલિક મધ્યસ્થતા કરી વ્યક્તિગત ટીકાઓ બંધ કરાવી માત્ર પ્રજાલક્ષી મુદ્દાઓ પર ચર્ચા કરવા સૂચના આપી હતી. મેયરે અગાઉ આપેલી સૂચનાઓ પર થયેલી કાર્યવાહીનો અહેવાલ તૈયાર રાખવા અને આગામી બોર્ડથી આવી ચર્ચાઓ માટે એક અલગ સેશન રાખવાની તૈયારી દર્શાવતાં હવે જો રાજકીય ડ્રામેબાજી બંધ રહે તો લેખિત પ્રશ્નો દ્વારા જ પ્રજાને વહીવટી તંત્રની કામગીરીનું સત્ય જાણવા મળી શકે તેમ છે.

મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર રામભરોસે

મંજૂર ૧૧૪માંથી ૫૫ જગ્યાઓ ખાલી : પ્રજાના આરોગ્ય સામે મોટો ખતરો! : સેનેટરી સબ ઇન્સ્પેક્ટર, ફૂડ સેફ્ટી ઓફિસર જેવી મહત્વની જગ્યાઓમાં ખાડો

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ગંભીર બેદરકારી અને સ્ટાફની ભારે અછતનો પર્દાફાશ થયો છે. ઓગસ્ટ ૨૦૨૬ના સત્તાવાર સ્ટાફ સેટઅપના આંકડા મુજબ, આરોગ્ય શાખામાં કુલ મંજૂર થયેલી ૧૧૪ જગ્યાઓમાંથી ૫૫ જેટલી જગ્યાઓ ખાલી પડી છે. એટલે કે આરોગ્ય વિભાગ લગભગ ૫૦ ટકા જેટલા અડધા સ્ટાફ સાથે કામ ચલાવી રહ્યું છે. સ્ટાફના આ કટોકટીભર્યા અભાવના કારણે શહેરના લાખો નાગરિકોના આરોગ્ય અને પાયાની સેનિટેશન સુવિધાઓ સામે મોટો ખતરો ઊભો થયો છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જે વિભાગો પર શહેરની સ્વચ્છતા અને ખાદ્યપદાર્થોની ગુણવત્તા તપાસવાની સીધી જવાબદારી છે, તે વિભાગો જ તદ્દન બિનકાર્યક્ષમ બની ગયા છે. શહેરમાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ રોકવા માટે ફૂડ સેફ્ટી ઓફિસરની ૭ મંજૂર જગ્યાઓમાંથી ૫ જગ્યાઓ ખાલી છે અને માત્ર ૨ અધિકારીઓના ભરોસે

આખું શહેર ચાલી રહ્યું છે. આટલું જ નહીં, સ્વચ્છતા અને રોગચાળા નિયંત્રણ માટે અત્યંત મહત્વપૂર્ણ એવા સેનેટરી ઇન્સ્પેક્ટરની તમામ ૩ જગ્યાઓ અને સેનેટરી સબ ઇન્સ્પેક્ટરની તમામ ૧૧ જગ્યાઓ ખાલી પડી છે. એક પણ ઇન્સ્પેક્ટર કે સબ ઇન્સ્પેક્ટર હાજર ન હોવાથી ફિલ્ડ લેવલે સફાઈ અને સેનિટેશનનું સુપરવિઝન કોણ કરી રહ્યું છે તે મોટો પ્રશ્ન છે.

ગામડાં અને શહેરી વિસ્તારમાં આરોગ્ય વિષયક સેવાઓ પહોંચાડતા સ્ટાફની સ્થિતિ પણ અત્યંત દયાજનક છે. ફીમેલ હેલ્થ વર્કરની ૮ માંથી ૭ જગ્યાઓ ખાલી છે, જ્યારે ડ્રાઇવરની તમામ ૬ જગ્યાઓ ખાલી હોવાથી ઇમરજન્સી અને ફિલ્ડ કામગીરી માટે વાહનો દોડાવવા મુશ્કેલ બન્યા છે. આ ઉપરાંત હેલ્થ વિઝિટરની ૨ જગ્યાઓ ખાલી છે, જ્યારે વર્ગ-૪ ના કર્મચારીઓ જેવા કે ડ્રેસર કમ પટ્ટાવાળાની ૪ માંથી ૩, પટ્ટાવાળાની ૭ માંથી ૬ અને આયાની તમામ ૪ જગ્યાઓ ખાલી પડી છે.

એક તરફ તહેવારો અને હવામાન બદલાતા શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત રહે છે, ત્યારે બીજી તરફ મહાનગરપાલિકામાં ઉચ્ચ અધિકારીઓથી લઈને પાયાના કર્મચારીઓની બલ્ક જગ્યાઓ ખાલી પડી હોવાથી તંત્રની કામગીરી પર ગંભીર અસર પડી રહી છે. પ્રજા પાસેથી કરોડો રૂપિયાનો ટેક્સ વસૂલતી રાજકોટ મહાનગરપાલિકા તાત્કાલિક નવી ભરતી કરીને આરોગ્ય શાખાને સક્ષમ બનાવશે કે પછી રાજકોટવાસીઓને રામભરોસે છોડી દેશે તે જોવું રહ્યું.

આરોગ્ય વિભાગના વડા અને તબીબો વચ્ચે 'ઓફિસ વોર'

રાજકોટ મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર હાલ દર્દીઓની સેવામાં નહીં, પણ અંદરોઅંદરના 'ઓફિસ પોલિટિક્સ' અને વિવાદોના કારણે ભારે ગરમાયું છે. શહેરના વિવિધ વોર્ડમાં આવેલા અર્બન હેલ્થ સેન્ટરોમાં ફરજ બજાવતા મેડિકલ ઓફિસરો (તબીબો) સાથે ઉચ્ચ આરોગ્ય અધિકારી દ્વારા અત્યંત તોછડું, ઉદ્ધતાઈભર્યું અને અપમાનજનક વર્તન કરવામાં આવતું હોવાની સનસનાટીભરી ફરિયાદો સામે આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોગ્ય અધિકારી દ્વારા વાત-વાતમાં મેડિકલ ઓફિસરો સાથે ગેરવર્તણૂક કરવી, કર્મચારીઓ સામે તબીબોને ઉતારી પાડવા અને માનસિક ત્રાસ આપવો હવે રોજનો ક્રમ બની ગયો છે. તાજેતરમાં વિવિધ વોર્ડના પદાધિકારીઓ અને કોર્પોરેટરો પાસે પણ આ મામલે ફરિયાદોનો અંબાર ખડકાયો હતો, જેને પગલે પદાધિકારીઓમાં પણ ભારે રોષ વ્યાપી ગયો છે.શાસક પક્ષના પદાધિકારીઓ અને કોર્પોરેટરોની રજૂઆતો બાદ મેયરે આ મુદ્દાને ગંભીરતાથી લીધો છે. જોકે, તેમણે સ્પષ્ટ વલણ અપનાવતા તાકીદ કરી છે કે, ''માત્ર મૌખિક વાતો કે આક્ષેપોથી કામ નહીં ચાલે. જો આરોગ્ય અધિકારી સામે ગંભીર ફરિયાદો હોય તો તેની વિગતવાર નોંધ અને લેખિત પુરાવા રજૂ કરો.''

બાળકોના ભોજનમાં લાલિયાવાડી

ચેકિંગ વખતે બેસ્ટ, બાકીના દિવસે હલકી ગુણવત્તા મહિલા કોર્પોરેટરોનો આક્રોશ : વોર્ડ નં. ૧૧માં પાણી માટે હાહાકાર

રાજકોટ, તા. ૧૯

રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં શાસક પક્ષ ભાજપના જ કોર્પોરેટરોએ તંત્રની વિરુદ્ધ મોરચો માંડતા બોર્ડમાં ભારે હંગામો મચી ગયો હતો. ખાસ કરીને આંગણવાડીના બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ આહાર અને શહેરના વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની વિકટ સમસ્યા અંગે શાસક પક્ષના મહિલા અને સ્થાનિક કોર્પોરેટરોએ જ અધિકારીઓનો કડક શબ્દોમાં ઉધડો લીધો હતો, જેના કારણે સમગ્ર સભામાં ભારે સન્નાટો વ્યાપી ગયો હતો.

આંગણવાડીના બાળકોના ખોરાક અંગે ભાજપના મહિલા કોર્પોરેટર અંજનાબેન મોરઝરીયાએ પ્રશ્ન ઉઠાવતા ગંભીર આક્ષેપ કર્યો હતો કે મધ્યાહન ભોજન, રસોડા કે આંગણવાડીના ચેકિંગ વખતે જ ભોજનની ગુણવત્તા સારી જોવા મળે છે, પરંતુ બાકીના સામાન્ય દિવસોમાં આ ધોરણ જળવાતું નથી અને હલકી કક્ષાનું ભોજન પીરસવામાં આવે છે. આ ચર્ચામાં અન્ય મહિલા કોર્પોરેટરો પણ જોડાતા મામલો વધુ ગરમાયો હતો. મહિલા સભ્યોએ સીધો જ સવાલ કર્યો હતો કે માસૂમ બાળકોને ચીકણો શીરો અને કાચા થેપલાં કેમ પીરસવામાં આવે છે? બહેનોએ તંત્રને લાલ આંખ કરતા ટકોર કરી હતી કે બાળકો દેશનું ભવિષ્ય છે અને તેમના સ્વાસ્થ્ય તથા પોષણ સાથે આવી રમત સહેજ પણ ચલાવી લેવાય નહીં. આ તીખા સવાલોના જવાબમાં ઈઓએ બચાવ કરતા જણાવ્યું હતું કે તંત્ર દ્વારા રોજેરોજ ચેકિંગ કરવામાં આવે છે અને ગુણવત્તામાં ખામી બદલ સબંધિત કોન્ટ્રાક્ટર એજન્સીને દંડ પણ કરવામાં આવ્યો છે.

બીજી તરફ, આ જ બોર્ડ બેઠકમાં પીવાના પાણીના મુદ્દે પણ તંત્રની ઘોર બેદરકારી ઉઘાડી પડી હતી. વોર્ડ નં. ૧૧ના ભાજપના જ કોર્પોરેટર રક્ષિત કલોલાએ પોતાના વિસ્તારમાં ઉઈ પાઈપલાઈનની કામગીરીનો હિસાબ માગતા રજૂઆત કરી હતી કે પાઈપલાઈનો નંખાઈ ગયા હોવા છતાં અનેક સોસાયટીઓમાં હજુ સુધી પાણી વિતરણ શરૂ કરાયું નથી. તેમણે દાખલો આપતા જણાવ્યું કે અર્જુન પાર્ક જેવા વિસ્તારમાં દોઢ વર્ષ પહેલાં પાઈપલાઈન આવી ગઈ હોવા છતાં રહીશો આજે પણ પાણી માટે વલખાં મારી રહ્યા છે, જે અધિકારીઓની ભારે અણ આવડત દર્શાવે છે.

બોર્ડમાં રજૂ થયેલા આંકડા મુજબ ૧ મે ૨૦૨૬ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના માત્ર સાડા ચાર મહિનાના ટૂંકા ગાળામાં જ પાણી વિતરણની ખામી અંગેની ૩૭૪૫ ફરિયાદો નોંધાઈ ચૂકી છે. સતત ચોથા બોર્ડમાં પાણીનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થતાં મેયર ડો. નેહલ શુક્લએ કમિશનરને સ્પષ્ટ સૂચના આપી હતી કે પાઈપલાઈનનું કામ પૂર્ણ થયા બાદ તાત્કાલિક ટેકનિકલ ચકાસણી પતાવી વહેલી તકે પાણી શરૂ થાય તેવી કાયમી અને વ્યવસ્થિત નીતિ અમલમાં મૂકવામાં આવે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsb.bank.in (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
કેશ ક્રેડિટ સુવિધા
વ્યાજદર ફક્ત * ૮.૫૦% થી
વ્યવસાયની જરૂરિયાતને પહોંચી વળવા આકર્ષક વ્યાજદરે ઉપલબ્ધ
રોજબરોજના વ્યવહાર માટે ઉપયોગી
જેટલી રકમનો વપરાશ કરો, તેટલી જ રકમ પર વ્યાજ ચૂકવો
* કાયમી ધોરણે
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 85117 85085માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક PROUDLY CO-OPERATIVE સહકારથી સમૃદ્ધિ